# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

Year : 15 | Issue : 445 | Dt. 01-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


**BREAKING NEWS**

**વેસ્ટ ઈન્ડિઝ સામે ટીમ ઈન્ડિયાની ઐતિહાસિક જીત**

શુભમન ગીલે કેપ્ટનસી ઈનિંગ રમી બેવડી ફટકારી
વનડે ઈતિહાસનો બીજો સૌથી મોટો રન ચેઝ : ૪૦૬ રનના લક્ષ્યાંક નો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે આઠ વિકેટે મેચ જીત્યો : રોહિત શર્માએ પણ ફટકારી સદી

# NATOને પરમાણુ હુમલાની ધમકી

## રશિયાની ચેતવણી : કાલિનિનગ્રાડની નાકાબંધી કરી તો ભોગવવું પડશે પરિણામ



નવી દિલ્હી, તા.૩૦

કાલિનિનગ્રાડને લઈને રશિયા અને ગઅઝઘ વચ્ચે તણાવ વધતો જોવા મળી રહ્યો છે. સમાચાર એજન્સી રોઈટર્સ અનુસાર, મોસ્કોએ ગઅઝઘને મોકલેલા એક દસ્તાવેજમાં ચેતવણી આપી છે કે, જો ગઅઝઘ દેશો કાલિનિનગ્રાડ વિસ્તારને રશિયાના બાકીના હિસ્સાથી અલગ કરવાનો પ્રયાસ કરશે, તો તે પોતાની તમામ ઉપલબ્ધ સૈન્ય ક્ષમતાઓનો ઉપયોગ કરવા માટે તૈયાર રહેશે, જેમાં પરમાણુ શસ્ત્રો પણ સામેલ છે. રોઈટર્સ અનુસાર, દસ્તાવેજમાં રશિયાએ નાટોને શરૂઆતમાં જ સભ્ય દેશોના મુખ્ય નિર્ણય કેન્દ્રો પર સીધા મિસાઈલ હુમલા કરવાની ચેતવણી આપી છે.

રોઈટર્સ અનુસાર, દસ્તાવેજમાં ગઅઝઘ પર જોખમી અને બેદરકાર રસ્તો અપનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. મોસ્કોએ કહ્યું કે, આ પ્રકારની પ્રવૃત્તિઓથી સીધા સૈન્ય સંઘર્ષનું જોખમ વધી શકે છે. દસ્તાવેજમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, જો કાલિનિનગ્રાડને અલગ કરવાનો પ્રયાસ કરવામાં આવશે, તો યુદ્ધના શરૂઆતના તબક્કામાં ગઅઝઘના મુખ્ય કમાન્ડ અને ડિસિઝન મેકિંગ સેન્ટર્સ રશિયન હુમલાઓનું નિશાન બની શકે છે.

રશિયાની ચેતવણીના જવાબમાં ગઅઝઘ એ કહ્યું કે તે એક રક્ષણાત્મક સંગઠન છે, જેનો હેતુ પોતાના સભ્ય દેશોને અલગ-અલગ દિશાઓમાંથી આવતા જોખમોથી બચાવવાનો છે. રોઈટર્સ અનુસાર, ગઅઝઘની પ્રતિક્રિયામાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે તેની કોઈ પણ સૈન્ય પ્રવૃત્તિ કે કવાયત રશિયન સંઘના વિસ્તાર માટે જોખમ નથી. ગઅઝઘ એ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાની પણ અપીલ કરી અને મોસ્કોને કહ્યું કે, તે સહયોગી દેશો પ્રત્યે બિનજવાબદાર વર્તન બંધ કરે અને પરમાણુ શસ્ત્રોના ઉપયોગની ધમકી આપવાનું પણ રોકે.

પરમાણુ બાબતોના નિષ્ણાત અને રશિયાના પૂર્વ રાજદ્વારી નિકોલાઈ સોકોવે રોઈટર્સને જણાવ્યું કે, પશ્ચિમી દેશો માટે યુક્રેનને સમર્થન આપવાનું ચાલુ રાખતા રશિયા સાથે સીધા સંઘર્ષથી બચવું મુશ્કેલ બની રહ્યું છે. સોકોવના જણાવ્યા મુજબ, રશિયાની ચેતવણી એ વાતનો સંકેત હોઈ શકે છે કે, મોસ્કોમાં પશ્ચિમી પગલાંને લઈને વધુ કડક વલણ રાખતા લોકોનો પ્રભાવ વધી રહ્યો છે. સોકોવે જણાવ્યું કે પશ્ચિમી દેશોની પ્રવૃત્તિઓમાં યુક્રેનને હથિયારો આપવા, રશિયા પર નવા પ્રતિબંધો લગાવવા, રશિયન જહાજોને રોકવા અને કાલિનિનગ્રાડ નજીક સૈન્ય કવાયત તથા ગુપ્તચર ઉડાન સામેલ છે. તેમના મતે, આવી સ્થિતિમાં એક ખોટો નિર્ણય કે ખોટું પગલું સ્થિતિને વણસાવી શકે છે.

### કાલિનિનગ્રાડને લઈને રશિયાની ચિંતાનું કારણ

કાલિનિનગ્રાડ રશિયાનો એક એવો વિસ્તાર છે, જે ભૌગોલિક રીતે દેશની મુખ્ય ભૂમિથી અલગ છે અને જ્યાં મોટી સંખ્યામાં રશિયન સૈનિકો તૈનાત છે. બાલ્ટિક સમુદ્રના કિનારે આવેલા આ વિસ્તારની સીમાઓ પોલેન્ડ અને લિથુઆનિયા સાથે મળે છે. પોતાની ભૌગોલિક સ્થિતિના કારણે, રશિયા અને ગઅઝઘ વચ્ચે સંભવિત સૈન્ય તણાવની દ્રષ્ટિએ આ વિસ્તાર વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જ્યાં છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમી દેશો દ્વારા બાલ્ટિક સમુદ્રમાં રશિયન જહાજોની દેખરેખ, સતત સૈન્ય કવાયત અને કાલિનિનગ્રાડ નજીક જાસૂસી ઉડાનોથી મોસ્કો નારાજ છે.



# વડાપ્રધાન મોદી-ટ્રમ્પ વચ્ચે મહત્વપૂર્ણ વાતચીત

## ટ્રેડ, ડિફેન્સ અને ક્રિટીકલ ટેકનોલોજી પર ચર્ચા

નવી દિલ્હી, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેલિફોન પર સાર્થક વાતચીત કરી હતી. બંને નેતાઓએ વેપાર, સંરક્ષણ, ઉર્જા અને ક્રિટીકલ ટેકનોલોજી સહિતના દ્વિપક્ષીય સહયોગના મહત્વના ક્ષેત્રોની સમીક્ષા કરી હતી અને વૈશ્વિક શાંતિ તથા સુરક્ષા માટે સાથે મળીને કામ કરવા સહમતી દર્શાવી હતી.

આ વાતચીત અંગે માહિતી આપતા પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X) પર લખ્યું હતું કે, 'અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ સાથે સાર્થક વાતચીત થઈ. અમે વેપાર, સંરક્ષણ, ઉર્જા, મહત્વપૂર્ણ ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં આપણા પરસ્પર સહયોગની સમીક્ષા કરી. અમે આપણી 'કોમ્પ્રિહેન્સિવ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' (વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી)ને આગળ વધારવા માટે નજીકનો સંપર્ક જાળવી રાખવા પર સહમત થયા છીએ.' પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે આ ભાગીદારીને આગળ વધારવા માટે નિરંતર પરસ્પર સંપર્ક અને નજીકનું સંકલન જાળવી રાખવા પર સંપૂર્ણ સહમતી બની છે.

દ્વિપક્ષીય સંબંધો ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ગહન વિચાર-વિમર્શ કર્યો હતો. આ વાતચીતમાં દુનિયાભરમાં શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે ચાલી રહેલા વૈશ્વિક પ્રયાસો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. બંને નેતાઓએ આંતરરાષ્ટ્રીય સ્થિરતા જાળવી રાખવા માટે ભવિષ્યમાં પણ સાથે મળીને કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

# શરતોને આધીન ફોડો ફટાકડા : સુપ્રીમ

## આસ્થા અને આરોગ્યનું સંતુલન જરૂરી હોવાની કરી ટકોર



નવી દિલ્હી, તા.૩૦

સુપ્રીમ કોર્ટે ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં મૂકવાની સ્પષ્ટતા કરી છે. ન્યાયાલયે ધાર્મિક લાગણી અને લોકોના સ્વાસ્થ્ય વચ્ચે સંતુલન જાળવવા પર ભાર મૂક્યો. કોર્ટે ૨૪ કલાક ફટાકડા ફોડવાની મંજૂરી ન આપતા, સમયમર્યાદા નક્કી કરવા જણાવ્યું. ઈઙઈઇ અને કેન્દ્ર સરકારને બેરિયમ અને અવાજના સ્તરનું પરીક્ષણ કરી ૧૫ ઓક્ટોબરે રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો છે.

દિવાળીના તહેવાર પહેલાં ફટાકડાના ઉપયોગને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે સ્પષ્ટતા કરી છે કે દેશભરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં નહીં આવે. તંત્ર અને ન્યાયાલયે લોકોની ધાર્મિક લાગણીઓ અને સ્વાસ્થ્ય-પર્યાવરણ વચ્ચે યોગ્ય સંતુલન જાળવીને ઉકેલ લાવવો પડશે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ એમએમ સુંદરેશે જણાવ્યું હતું કે, દેશભરમાં સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી લોકોની ધાર્મિક લાગણીઓ દુભાઈ શકે છે. કોર્ટ સંપૂર્ણ પ્રતિબંધની તરફેણમાં નથી, પરંતુ ક્યાંય પણ ૨૪ કલાક ફટાકડા ફોડવાની છૂટ આપી શકાય નહીં, કારણ કે તેનાથી બીમાર વ્યક્તિઓ, વૃદ્ધો અને નાના બાળકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડે છે. કોર્ટ એવો રસ્તો કાઢવા માંગે છે જે તમામ પક્ષો માટે સ્વીકાર્ય અને સંતુલિત હોય.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, આગામી દિવસોમાં એવો ઉકેલ શોધવામાં આવશે જેમાં ફટાકડા ફોડવા માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવે. આ સાથે કયા પ્રકારના ફટાકડા ફોડી શકાશે અને કયા ફટાકડા પર રોક લગાવવામાં આવશે તેની યાદી પણ સ્પષ્ટ કરવામાં આવશે, જેથી પ્રદૂષણ નિયંત્રણમાં રહે અને તહેવારની ઉજવણી પણ જળવાઈ રહે.

કોર્ટે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને કેન્દ્ર સરકારને ફટાકડામાં બેરિયમની હાજરી તપાસવા માટે વધુ ટેસ્ટ કરવાનો સમય આપ્યો છે. આ સાથે ફટાકડાના સંયુક્ત ફાયર ટેસ્ટ કરીને તેનો અવાજ (ડેસિબલ લેવલ) કેટલો રહે છે તે નક્કી કરવા પણ કહેવામાં આવ્યું છે, જેથી અવાજથી સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરો જાણી શકાય.

### આગામી સુનાવણી ૧૫ ઓક્ટોબરે

સુપ્રીમ કોર્ટે આ મામલે આગામી સુનાવણી ૧૫ ઓક્ટોબરના રોજ નિયત કરી છે. ત્યાં સુધીમાં સીપીસીબી અને કેન્દ્ર સરકારે પોતાના ટેસ્ટના પરિણામો અને વિગતવાર અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ કરવાના રહેશે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં દર વર્ષે દિવાળી સમયે વધતા વાયુ પ્રદૂષણ અને ધાર્મિક પરંપરા બંનેને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટનું આ સંતુલિત વલણ ખૂબ જ મહત્વનું માનવામાં આવી રહ્યું છે.

## INDIA બ્લોકની બેઠક બાદ ખડગેની એકસાથે રસ્તા પર ઉતરવાની જાહેરાત

# ચૂંટણીપંચ વિરુદ્ધ ૨૦ રાજકીય પક્ષો




નવી દિલ્હી, તા.૩૦

દિલ્હીના કોન્સ્ટીટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયામાં બુધવારે મળેલી I.N.D.I.A. બ્લોકની મહત્ત્વપૂર્ણ બેઠક લગભગ ત્રણ કલાક સુધી ચાલી હતી. આ બેઠકમાં ૨૦ જેટલા વિપક્ષી દળો સામેલ થયા હતા. બેઠક પૂરી થયા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પ્રેસ કોન્ફરન્સ યોજીને કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહાર કર્યા હતા.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, 'ચૂંટણી પંચ (ECI) સરકારના હાથની કઠપૂતળી બનીને કામ કરી રહ્યું છે. આજે દેશભરમાં ચૂંટણી પંચના કામકાજને લઈને ગંભીર ચિંતાઓ વ્યક્ત થઈ રહી છે.' આ સાથે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને તેમના સાથી સભ્યોની ભૂમિકા સામે પણ સવાલો ઉભા કરવામાં આવ્યા હતા.

જ્ઞાનેશ કુમારને તેમના પદ પરથી હટાવવામાં આવે. ભવિષ્યની ચૂંટણીઓ માટે એસઆઈઆર પ્રક્રિયા પહેલાના જ વોટર લિસ્ટનો ઉપયોગ કરવામાં આવે અને તેમાં થતા દરેક ફેરફારમાં સંપૂર્ણ પારદર્શિતા હોવી જોઈએ.

સરકાર અને ચૂંટણી પંચની નીતિઓ વિરુદ્ધ વિપક્ષી ગઠબંધને આગામી દિવસોમાં દેશભરમાં આંદોલન કરવાની જાહેરાત કરી છે. જેમાં આમ જનતા, યુવાનો, એનજીઓ અને લોકશાહી માટે કામ કરતી સંસ્થાઓ જોડાશે. જાહેર કરાયેલા કાર્યક્રમોમાં ૨ થી ૮ ઓક્ટોબર દેશના દરેક જિલ્લા સ્તરે 'લોકશાહી બચાવો માર્ચ' કાઢવામાં આવશે અને ડીએમ (DM) ઓફિસ બહાર જોરદાર દેખાવો કરવામાં આવશે. ૬ ઠ્ઠી ઓકોબરે વિપક્ષી ગઠબંધનના તમામ લોકસભા અને રાજ્યસભાના સાંસદો દિલ્હીમાં ચૂંટણી પંચ (ECI) કચેરી સુધી માર્ચ કરશે. વિપક્ષી નેતાઓનું એક પ્રતિનિધિ મંડળ દેશના રાષ્ટ્રપતિને મળીને આ મામલે આવેદનપત્ર આપશે અને સમય માંગશે. વિપક્ષ દ્વારા આગામી સમયમાં દેશભરમાં પાંચ મોટી જનરેલીઓનું આયોજન કરવામાં આવશે.

આ બેઠકમાં શિવસેના (ઞઇઝ) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે ઝૂમ કોલ મારફતે જોડાયા હતા. તેમણે કોંગ્રેસની 'એકલા ચાલો નીતિ' પર નારાજગી વ્યક્ત કરી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે, જો સરકાર અને ચૂંટણી પંચ સામે મોટી અને અસરકારક જંગ લડવી હોય તો વિપક્ષે અલગ-અલગ કાર્યક્રમો કરવાને બદલે ઈ.ગ.ઉ.ઈ.અ. ગઠબંધનના સમાન બેનર હેઠળ એકજુટ થઈને મેદાનમાં ઉતરવું પડશે.

જ્યારે સમાજવાદી પાર્ટી (જી઼) તરફથી અખિલેશ યાદવ વ્યસ્ત હોવાને કારણે બેઠકમાં હાજર રહી શક્યા નહોતા, પરંતુ તેમણે પોતાના પ્રતિનિધિઓ તરીકે મુઝફ્ફરનગરના સાંસદ હરેન્દ્ર મલિક અને રામપુરના સાંસદ મોહિબુલ્લાહ નદવીને મોકલ્યા હતા. આ બેઠકથી વિપક્ષે આગામી સમયમાં સરકાર અને ચૂંટણી પંચ સામે આક્રમક વલણ અપનાવવાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે.

## અરબ સાગરમાં ગુજરાત અઝજ-કોસ્ટ ગાર્ડનું સૌથી મોટું ઓપરેશન

# ત્રણ હજાર કરોડના ડ્રગ્સ સાથે પાંચ પાકિસ્તાની ઝડપાયા

## લક્ષદ્વીપ નજીક ઈરાની બોટમાંથી ૫૨૬ કિલો હેરોઈન અને મેથમફેટામાઈન જપ્ત કરાયું



ગાંધીનગર,તા.૩૦

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS) અને ભારતીય તટરક્ષક દળ (ICG) દ્વારા અરબ સાગરમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ તસ્કર સિન્ડિકેટ સામે અત્યાર સુધીનું સૌથી મોટું અને સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. લક્ષદ્વીપના પશ્ચિમે મધ્ય સમુદ્રમાં એક શંકાસ્પદ ઈરાની બોટને આંતરીને ૫૨૬ કિલો હાઈ ગ્રેડ નશીલા પદાર્થો (હેરોઈન અને મેથમફેટામાઈન)નો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત ₹૩૦૦૦ કરોડથી વધુ આંકવામાં આવી રહી છે.

આ મેગા ઓપરેશન દરમિયાન ઈરાની બોટ પર સવાર ૫ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા તમામ આરોપીઓ પાકિસ્તાનના પેશાવરના રહેવાસી છે. તેમની ઓળખ મોહમ્મદ યાકુબ, શકીરુલ્લાહ, ફરીદુલ્લાહ, અહેમદ ખાન અને વાહિદુલ્લાહ ખાન તરીકે થઈ છે.

ગુજરાત ATSને ચોક્કસ બાતમી મળી હતી કે દરિયાઈ માર્ગે કરોડો રૂપિયાનું ડ્રગ્સ ભારત કે આસપાસના વિસ્તારોમાં ઘૂસાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ માહિતીના આધારે કોસ્ટ ગાર્ડે દરિયામાં જહાજો અને હવામાં સર્વેલન્સ વિમાનો દ્વારા સઘન મોનિટરિંગ શરૂ કર્યું હતું. ૨૫ સપ્ટેમ્બરે અરબી સમુદ્રમાં શંકાસ્પદ ઈરાની બોટ નજરે પડતાં જ કોસ્ટ ગાર્ડના જહાજે 'હોટ પર્સ્યુટ' (પીછો) કરીને દરિયાની વચ્ચે જ બોટને ઘેરી લીધી હતી. કમાન્ડોએ બોટ પર ચડીને તલાશી લેતાં કોથળાઓમાં છુપાવેલું પ્યોર હેરોઈન અને મેથમફેટામાઈન મળી આવ્યું હતું.

### મુંબઈમાં તમામ એજન્સીઓ દ્વારા સંયુક્ત તપાસ

પકડાયેલા પાકિસ્તાની તસ્કરો, ઈરાની બોટ અને જપ્ત કરાયેલા 3000 કરોડના ડ્રગ્સના જથ્થાને કોસ્ટ ગાર્ડ દ્વારા સુરક્ષિત રીતે મુંબઈ બંદરે લાવવામાં આવ્યા છે. હવે મુંબઈ ખાતે ગુજરાત અઝજ, કોસ્ટ ગાર્ડ, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) અને અન્ય કેન્દ્રીય તપાસ એજન્સીઓ દ્વારા આ પાકિસ્તાની નાગરિકોની કડક પૂછપરછ હાથ ધરવામાં આવશે. આ ડ્રગ્સનું નેટવર્ક કોણ ચલાવે છે, આ જથ્થો કોણે મોકલ્યો હતો અને ભારતમાં કે અન્ય દેશમાં ક્યાં સપ્લાય કરવાનો હતો તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.

# ડિજિટલ એરેસ્ટનો ભોગ બનેલા વૃદ્ધ મહિલા તબીબને બચાવ્યા

## સાયબર ક્રાઈમે ૫૮.૫૦ લાખ ગુમાવી ચૂકેલા ડોક્ટરને વધુ ૨૧.૫૦ લાખ ટ્રાન્સફર કરતા અટકાવ્યા

રાજકોટ, તા.૩૦

રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમે ડિજિટલ એરેસ્ટનો શિકાર બનેલા એક વૃદ્ધ મહિલા ડોક્ટરને વધુ નાણાં ગુમાવતા બચાવી લીધા છે. કોન્સ્ટેબલ વિશાલભાઈ દેશાણીને મળેલી ખાનગી બાતમીના આધારે પોલીસે જાગનાથ પ્લોટ વિસ્તારમાં આવેલા રાજ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા મહિલા તબીબનો સંપર્ક કર્યો હતો. આ વૃદ્ધ મહિલા છેલ્લા ચાર દિવસથી સાયબર ગઠિયાઓ દ્વારા ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા અને તેઓ ખૂબ જ ડરી ગયેલી હાલતમાં હતા.

સાયબર ઠગ દ્વારા આ વૃદ્ધ મહિલા તબીબ પાસેથી અત્યાર સુધીમાં કુલ ૫૮ લાખ ૫૦ હજાર રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. સાયબર ક્રાઈમની ટીમે તાત્કાલિક તેમના ઘરે પહોંચીને તેમનું કાઉન્સેલિંગ કર્યું હતું અને તેમને ડિજિટલ એરેસ્ટની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા. સમયસર પોલીસ પહોંચી જવાના કારણે મહિલા ડોક્ટર વધુ ૨૧ લાખ ૫૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરતા અટકી ગયા હતા. પોલીસે તેમને ડિજિટલ એરેસ્ટ વિશે સંપૂર્ણ માહિતી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને અન્ય ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ સફળ બચાવ કામગીરી પાર પાડવામાં આવી હતી આ ઓપરેશનમાં પીઆઈ એસ.ડી. ફુલતરીયા, પી.આર. ડોબરીયા, એમ.ડી. ગઢવી, પીએસઆઈ એસ. વી ભાયાણી તેમજ એએસઆઈ કૃપાલસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ હર્ષરાજસિંહ જાડેજા, પોકોન્સ્ટેબલ વિશાલ દેશાણી અને લોકરક્ષક સાગર સાગઠીયા જોડાયા હતા.

### શીતલ પાર્ક મેઈન રોડ પરથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લીધો

# મુસાફરને લૂંટી લેનાર આરોપી પાસેથી ૮૩,૫૦૦ મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા.૩૦

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે એક લૂંટનો ભેદ ઉકેલી નાખ્યો છે. આજથી ત્રણ દિવસ પહેલા માધાપર ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડી જવા માટે રીક્ષામાં બેઠેલા પેસેન્જરને રીક્ષા ચાલકે માર મારીને મોબાઈલ અને રોકડની લૂંટ ચલાવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી બાતમીના આધારે આ લૂંટ ચલાવનાર રીક્ષા ચાલકને શીતલ પાર્ક મેઈન રોડ પરથી લૂંટમાં મેળવેલ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપીની ઓળખ જંગલેશ્વર શેરી નંબર ૧૫ ખાતે આવેલા હુશેની ચોકમાં રહેતા ૫૧ વર્ષીય સંજય શંકરલાલ રાજાણી તરીકે થઈ છે. પોલીસે તેમનીપાસેથી ૫૦ હજારની કિંમતની, જીજે ૦૨ ડબલ વાય ૮૦૯૪ નંબરની રીક્ષા અને ૧૫ હજારનો મોબાઈલ તેમજ ૮૫૦૦ રોકડા મળીને ૮૩,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.તેમની સામે બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, પકડાયેલો આરોપી રીઢો ગુનેગાર છે અને તેનો લાંબો ગુનાહિત ઈતિહાસ છે. તેની સામે અગાઉ રાજકોટ શહેરના એ-ડિવિઝન



તેમજ ભક્તિનગર અને થોરાળા સહિત માલવિયાનગર અને બી-ડિવિઝન ઉપરાંત જામ ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં ચોરી તેમજ જુગાર ધારા અને અન્ય કલમો હેઠળ ૧૦ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને અન્ય ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર એ એસ ચાવડા અને પી એસ આઇ વી ડી ડોડીયાની ટીમે આ સફળ કામગીરી પાર પાડી છે.

# વેસ્ટ ઈન્ડિઝ સામે ટીમ ઈન્ડિયાની ઐતિહાસિક જીત

### ગીલ અને રોહિતના રન-તોફાન સામે કેરેબિયન બ્રિગેડ ધરાશાયી વનડે ઈતિહાસનો બીજો મોટો રનચેઝ : શુભમન ગીલની કેપ્ટનસી ઈનિંગ્સમાં વિસ્ફોટક બેવડી જ્યારે રોહિત શર્માની સદી ૪૩.૩ ઓવરમાં જ ૪૦૬ રનનો રનચેઝ પાર કરતું ભારત



રાજકોટ, તા. ૩૦

ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી વનડે મેચમાં એક અકલ્પનીય અને ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. ૪૦૬ રનના વિશાળ અને પહાડ જેવા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે માત્ર આઠ વિકેટ ગુમાવીને આ મેચ પોતાના નામે કરી લીધી હતી. આ સાથે જ ભારતે વનડે ક્રિકેટ ઈતિહાસનો બીજો સૌથી મોટો રન ચેઝ સફળતાપૂર્વક પૂર્ણ કરીને એક નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. મેચની શરૂઆતમાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝની ટીમે ભારતીય બોલરો પર આક્રમક પ્રહાર કર્યા હતા. કેરેબિયન ટીમ તરફથી એક સાથે ત્રણ બેટરોએ સદી ફટકારીને સ્કોરબોર્ડને ૪૦૦ પાર પહોંચાડવામાં મુખ્ય ભુમિકા ભજવી હતી, જેમાં જોન કેમ્પબેલે ૧૦૧ રન, કેપ્ટન સાઈ હોપે ૧૦૪ રન અને આમીર જાંગુએ ૧૧૪ રન ફટકાર્યા હતા. બીજી તરફ ભારતીય બોલિંગની વાત કરીએ તો, કેરેબિયન બેટરોના તોફાન વચ્ચે પણ કુલદીપ યાદવ, રવિન્દ્ર જાડેજા અને ગુરનૂર બ્રારે શાનદાર વાપસી કરતા ૨-૨ વિકેટ ઝડપીને વેસ્ટ ઈન્ડિઝને વધુ મોટા સ્કોર તરફ જતા અટકાવ્યું હતું.

૪૦૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆતથી જ આક્રમક રણનીતિ જોવા મળી હતી. કેપ્ટન શુભમન ગીલે સામેથી નેતૃત્વ પૂરું પાડતા વનડે ક્રિકેટની યાદગાર ઈનિંગ્સમાંથી એક રમી હતી. ગીલે માત્ર ૧૩૩ દડામાં ૨૨૩ રનની અદભુત બેવડી સદી ફટકારીને વેસ્ટ ઈન્ડિઝના બોલિંગ આક્રમણને સંપૂર્ણપણે છીનભિન્ન કરી નાખ્યું હતું. તેની સાથે જ અનુભવી બેટર રોહિત શર્માએ પણ માત્ર ૭૫ બોલમાં ૧૦૧ રનની વિસ્ફોટક સદી ફટકારીને ગીલ સાથે મળીને ટીમ ઈન્ડિયા માટે જીતનો મજબૂત પાયો નાખ્યો હતો. બંને બેટરોના આક્રમક પ્રદર્શનના જોરે ભારતે આ અશક્ય લાગતો ટાર્ગેટ હાસિલ કરીને ક્રિકેટ જગતમાં પોતાની શ્રેષ્ઠતા ફરી એકવાર સાબિત કરી દીધી છે.

### રાજકોટ ડિવિઝનમાં વ્યાપક સ્વચ્છત-જનજાગૃતિ અભિયાન

# 'કબાડમાંથી કલા' દ્વારા રેલવે સ્ક્રેપનો સર્જનાત્મક ઉપયોગ

## રેલવે વારસા સાથે જોડાયેલી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું

રાજકોટ, તા.૩૦

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અંતર્ગત સ્વચ્છતા, જનજાગૃતિ, કર્મચારી આરોગ્ય અને સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ તેમજ રેલવે વારસા સાથે જોડાયેલી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ અભિયાન હેઠળ રાજકોટ, ભક્તિનગર, સુરેન્દ્રનગર, જામનગર, હાપા, દ્વારકા, ઓખા, ખંભાળિયા, વાંકાનેર, મોરબી સહિતના તમામ નાના-મોટા સ્ટેશનો પર સ્વચ્છતા પ્રવૃત્તિઓ સાથે મુસાફરો, રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સ્ટેશનો, સર્ક્યુલેટિંગ એરિયા અને બગીચાઓમાં સાફ-સફાઈ, કચરાના યોગ્ય નિકાલ તેમજ સ્વચ્છ વાતાવરણ જાળવવા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

રાજકોટ, હાપા, ઓખા અને સુરેન્દ્રનગર સહિતની વિવિધ રેલવે કોલોનીઓમાં પણ વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ સાથે એન્ટી-લાર્વલ કામગીરી કરીને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા અને તંદુરસ્ત વાતાવરણ સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.કર્મચારી આરોગ્ય અને સુરક્ષા અંતર્ગત વાંકાનેર હેલ્થ યુનિટમાં સફાઈ મિત્રો





માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરેન્દ્રનગરમાં સફાઈ કર્મચારીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજીને પીપીઈ (પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ) કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે જામનગરમાં પણ સફાઈ કર્મચારીઓને પીપીઈ કીટ અર્પણ કરવામાં આવી હતી.

રેલવેના વારસાના સંરક્ષણ માટે રાજકોટ અને સુરેન્દ્રનગરમાં આવેલા હેરિટેજ સ્ટીમ એન્જિનોની વિશેષ સાફ-સફાઈ કરવામાં આવી હતી. બીજી તરફ, ઓખા ડેપો ખાતે 'કબાડમાંથી કલા' પહેલ હેઠળ બિનઉપયોગી રેલવે સ્ક્રેપમાંથી આકર્ષક કલાકૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. આ પહેલ દ્વારા પુનઃઉપયોગ, સર્જનાત્મકતા, નવીનતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' દ્વારા રાજકોટ ડિવિઝન સ્વચ્છ, સુરક્ષિત અને સુંદર રેલવે પરિસર સાથે સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને જનભાગીદારીની ભાવનાને સતત પ્રોત્સાહિત કરી રહ્યું છે.

# ઘઉં સાથે છ રવિ પાકોની MSPમાં વધારો

## કેબિનેટ સમિતિએ રવિ સીઝન ૨૦૨૭-૨૦૨૮ માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) વધારવા માટે મંજૂરી આપી

નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્ર સરકારે રવિ સીઝન ૨૦૨૭-૨૮ માટે ૬ પાકોના MSP વધાર્યા છે. ખેડૂતોને પાકના યોગ્ય ભાવ મળે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. તેમાં ઘઉં, જવ, ચણા, મસૂર, સરસવ-રેપસીડ અને કુસુમનો સમાવેશ થાય છે. સૌથી વધુ ૬૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કુસુમમાં વધારો થયો છે. આ નિર્ણયથી ખેડૂતોને પાકની પડતર કિંમત કરતાં દોઢ ગણો નફો મળશે. આજે બુધવારે આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ રવિ સીઝન ૨૦૨૭-૨૮ માટે ઘઉં સહિત ૬ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) વધારવા માટે મંજૂરી આપી દીધી છે. સરકારનું કહેવું છે કે તેનો હેતુ ખેડૂતોને તેમના પાકના વધુ સારા અને યોગ્ય ભાવ અપાવવાનો છે. આ ટેકાના ભાવ વધવાથી ગુજરાત સહિત દેશના ખેડૂતોને લાભ થશે.

સરકારે સૌથી વધુ વધારો કુસુમના ખજામાં કર્યો છે. તેનો MSP ૬૭૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વધારવામાં આવ્યો છે. આ પછી સરસવ અને રેપસીડના ખજા માં ૪૧૩ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો થયો છે. આ સિવાયના પાકોના ખજામાં કેટલો વધારો કરવામાં આવ્યો તે જોઈએ તો પ્રતિ ક્વિન્ટલ મસુરમાં ૩૯૦, જવમાં ૧૩૬, ચણામાં ૮૩ અને ઘઉંમાં ૨૫નો વધારો કરાયો છે.

સરકારે જણાવ્યું કે ખજામાં આ વધારો ૨૦૧૮-૧૯ના કેન્દ્રીય બજેટમાં નક્કી કરાયેલા નિયમ મુજબ છે. આ નિયમ હેઠળ ખેડૂતોને તેમના પાકની સરેરાશ પડતર કરતા ઓછામાં ઓછા ૧.૫ ગણો ખજા આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. સરકારના અંદાજ મુજબ, પાક ઉગાડવાનો ખર્ચ કાઢ્યા પછી ખેડૂતોને ઘઉંમાં અંદાજે ૧૦૬%, સરસવ અને રેપસીડમાં ૯૬%,



મસૂરમાં ૯૨%, ચણામાં ૫૯%, જવમાં ૫૮% અને કુસુમમાં ૫૦% સુધીનો ફાયદો મળી શકે છે. સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી ખેડૂતોને માત્ર ઘઉં-ચોખા જેવા અનાજના પાકો પર નિર્ભર રહેવાને બદલે કઠોળ અને તેલીબિયાં જેવા પાકો ઉગાડવા માટે પણ પ્રોત્સાહિત કરી રહી છે. આ માટે આ પાકોનો MSP તુલનાત્મક રીતે વધુ રાખવામાં આવી રહ્યો છે. સરકારને આશા છે કે તેનાથી ખેડૂતો અન્ય પાકોની ખેતી તરફ પણ વળી શકે છે.

સરકારી આંકડાઓ મુજબ, ૨૦૧૪-૧૫ થી ૨૦૨૫-૨૬ વચ્ચે સરકારે લગભગ ૩,૭૧૫ લાખ મેટ્રિક ટન (LMT) ઘઉંની ખરીદી કરી. આ પહેલા ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ ના ૧૦ વર્ષ દરમિયાન ઘઉંની સરકારી ખરીદી લગભગ ૨,૨૫૪ કખઝ હતી. રવિ પાકોની ખરીદી અને ખેડૂતોને ચૂકવવામાં આવતી રકમ પણ વધી છે. જો ઘઉંની સાથે ૬ મુખ્ય રવિ પાકોને જોઈએ તો ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ દરમિયાન તેમની કુલ સરકારી ખરીદી લગભગ ૨,૩૦૨ LMT હતી. જ્યારે, ૨૦૧૪-૧૫ થી ૨૦૨૫-૨૬ દરમિયાન તે વધીને લગભગ ૩,૯૨૧ LMT થઈ ગઈ. ઘઉં ઉગાડતા ખેડૂતોને પણ MSP હેઠળ મળતી ચુકવણી વધી છે. ૨૦૧૪-૧૫ થી ૨૦૨૫-૨૬ દરમિયાન ઘઉંના ખેડૂતોને ખજા હેઠળ લગભગ ૭.૩૧ લાખ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા. જ્યારે, ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ દરમિયાન આ રકમ લગભગ ૨.૫૬ લાખ કરોડ રૂપિયા હતી.

MSP વધારાથી ખેડૂતોને સારા ભાવ મળશે તેવી જ રીતે, ૬ મુખ્ય રવિ પાકોના ખેડૂતોને MSP હેઠળ કરવામાં આવેલ કુલ ચુકવણી ૨૦૦૪-૦૫થી ૨૦૧૩-૧૪ દરમિયાન લગભગ ૨.૬૫ લાખ કરોડ રૂપિયા હતી, જે ૨૦૧૪-૧૫થી ૨૦૨૫-૨૬ દરમિયાન વધીને ૮.૩૬ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ. એકંદરે, સરકારનું કહેવું છે કે MSPમાં આ વધારો ખેડૂતોને પાકના સારા ભાવ અપાવવાની સાથે સાથે કઠોળ અને તેલીબિયાં જેવા પાકોની ખેતીને પ્રોત્સાહન આપવામાં પણ મદદ કરશે.

### સ્વચ્છતા ક્ષેત્રે નવી ઊંચાઈઓ આંબવા જઈ રહેલા રાજકોટ શહેર માટે અતિ ગૌરવપૂર્ણ સમાચાર

# સુપર ૫૦ સિટીઝની યાદીમાં રાજકોટનો ડંકો

## કેન્દ્ર સરકારની PRAGATI-૫૦ પહેલમાં સ્થાન : આધુનિક ટેકનોલોજી, કેન્દ્રીય મોનિટરિંગ અને સાયન્ટિફિક વેસ્ટ મેનેજમેન્ટથી બદલાશે શહેરનો ચહેરો

રાજકોટ, તા. ૩૦

સ્વચ્છતા ક્ષેત્રે નવી ઊંચાઈઓ આંબવા જઈ રહેલા રાજકોટ શહેર માટે અતિ ગૌરવપૂર્ણ સમાચાર આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાંથી પસંદ કરાયેલા ૫૦ અગ્રણી શહેરોની 'ઙ્ઘઅત્રક્ષઅઝઈ-૫૦' અતિ-મહત્વકાંક્ષી પહેલમાં રાજકોટનો સમાવેશ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ દ્વારા નવી દિલ્હી ખાતેથી લોન્ચ કરવામાં આવેલી આ પહેલ હેઠળ હવે રાજકોટને દેશભર માટે એક 'રોલ મોડેલ સિટી' તરીકે વિકસાવવામાં આવશે.

કેન્દ્ર સરકારની આ નવી પહેલ માત્ર પરંપરાગત સફાઈ સુધી સીમિત નથી, પરંતુ દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૦ પસંદગીના શહેરોમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત, સતત અને પરિણામલક્ષી સ્વચ્છતા વ્યવસ્થા ઊભી કરવાનો માસ્ટરપ્લાન છે. આ યોજના હેઠળ હવે કાગળ પરની કામગીરીના બદલે ડિજિટલ અને ટેકનોલોજી આધારિત રિયલ-ટાઈમ મોનિટરિંગ દ્વારા રોજિંદી સફાઈની સમીક્ષા કરવામાં આવશે. ભારત સરકારનું આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય રાજકોટના સ્વચ્છતા મોડેલ પર સીધી નજર રાખશે અને જરૂરી ટેકનિકલ સપોર્ટ પૂરો પાડશે. સાથોસાથ કામગીરીનો આધાર માત્ર દાવાઓ પર નહીં, પરંતુ જમીન પર દેખાતા વાસ્તવિક પરિવર્તન અને પરિણામો પર રહેશે.

રાજકોટને દેશનું નંબર-૧ સ્વચ્છ શહેર બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા આઠ વિશેષ



ક્ષેત્રો પર સઘન કામગીરી કરવામાં આવશે. જેમાં ડોર-ટુ-ડોર કલેક્શન અને વૈજ્ઞાનિક નિકાલથી શહેરને કચરામુક્ત બનાવવું, ભીના અને સુકા કચરાનું સોર્સ સેગ્રેગેશન કરીને સાયન્ટિફિક સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અમલી બનાવવું, યુઝ્‌ડ વોટર મેનેજમેન્ટ હેઠળ ગંદા પાણીનું શુદ્ધિકરણ અને પુનઃઉપયોગ વધારવો તેમજ મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો પર સતત દેખીતી સ્વચ્છતા જાળવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, શહેરમાં એડવાન્સ્ડ સેનિટેશન સિસ્ટમ ઊભી કરવામાં આવશે અને 'વેસ્ટ-ટુ-વેલ્થ'ના અભિગમ સાથે સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન અપાશે. સફાઈ કામગીરીના ચોક્કસ મૂલ્યાંકન માટે હાઈ-ટેક ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમનો ઉપયોગ થશે, જ્યારે શાળા-કોલેજો, વેપારીઓ અને વિવિધ સંસ્થાઓને જોડીને સ્વચ્છતાને વ્યાપક લોકભાગીદારીનું સ્વરૂપ આપવામાં આવશે.

આ સિદ્ધિ અંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા તથા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સહિતના પદાધિકારીઓએ હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઙ્ઘઅત્રક્ષઅઝઈ-૫૦ માં રાજકોટનો સમાવેશ થવો એ દરેક રાજકોટવાસી માટે ગૌરવની ક્ષણ છે. કેન્દ્ર સરકારના સીધા માર્ગદર્શન હેઠળ રાજકોટની સ્વચ્છતા પ્રણાલીને વધુ આધુનિક, વૈજ્ઞાનિક અને પરિણામલક્ષી બનાવીને સ્વચ્છ રાજકોટ - સ્વસ્થ રાજકોટના સંકલ્પ સાથે રાજકોટને સમગ્ર દેશ માટે એક અનુકરણીય મોડેલ સિટી તરીકે ઉભું કરવામાં આવશે.

### વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પાઈપલાઈન મારફતે ઘર સુધી પહોંચતા પાણીમાં લીકેજ કે બેક્ટેરિયાનું દૂષણ થવાનું જોખમ

# રાજકોટ વોર્ડ નં. ૭માં પાણીની ગુણવત્તાની ઓચિંતી ચકાસણી



રાજકોટ, તા.૩૦

જાહેર આરોગ્યની સુરક્ષા અને પાણીજન્ય રોગચાળાને અટકાવવાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાના વહીવટીતંત્ર દ્વારા શહેરમાં વિતરીત થતા પીવાના પાણીની ગુણવત્તાની સઘન ચકાસણી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે આજે ૩૦ સપ્ટેમ્બરના રોજ સવારે વોર્ડ નંબર ૭માં પાણી વિતરણ દરમિયાન તંત્ર દ્વારા ઘરે-ઘરે જઈને પાણીનો ફોર્સ, ક્લોરીનેશન અને ાઇ મૂલ્યનું પ્રત્યક્ષ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

પીવાના સુરક્ષિત પાણીની ઉપલબ્ધતા માટે ભારતીય માનક બ્યુરો દ્વારા સ્પષ્ટ માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જે મુજબ સામાન્ય પરિસ્થિતિમાં પાણીમાં રેસિડ્યુઅલ ક્લોરીનનું પ્રમાણ ૦.૨ થી ૦.૫ mg/L (PPM) હોવું જરૂરી છે, જ્યારે પાઈપલાઈનના છેવાડાના ઘર સુધી ઓછામાં ઓછું ૦.૨ ળલ/ક ક્લોરીન પહોંચવું અનિવાર્ય છે. રોગચાળા કે કટોકટી જેવી પરિસ્થિતિમાં આ પ્રમાણ ૦.૫ ળલ/ક સુધી રાખી શકાય છે. આ ઉપરાંત પીવાના પાણીનું ાઇ મૂલ્ય ૬.૫ થી ૮.૫ ની વચ્ચે જળવાઈ રહેવું જરૂરી છે.

સ્થળ પર જ પાણીની ગુણવત્તા ચકાસવા માટે તંત્ર દ્વારા વિશિષ્ટ ટેકનિકલ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં ક્લોરીનની માત્રા જાણવા માટે ઓર્થો-ટોલિડિન (ઘઝ) ટેસ્ટ કીટ વડે પાણીના નમૂનાનું પરીક્ષણ કરી કલર ચાર્ટ સાથે સરખામણી કરવામાં આવી હતી, જ્યારે ાઇ મૂલ્ય માપવા માટે ડિજિટલ ાઇ પેન મીટર અને ઈન્ડિકેટરનો ઉપયોગ કરાયો હતો.

વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી નાગરિકોના ઘર સુધી પહોંચતા વચ્ચેના માર્ગમાં લીકેજ કે બેક્ટેરિયાના પ્રદૂષણનું જોખમ રહેલું હોય છે. આવી સ્થિતિમાં પાણીમાં રહેલું રેસિડ્યુઅલ ક્લોરીન જંતુનાશક તરીકે કામ કરે છે અને કોલેરા, ટાઈફોઈડ, ઝાડા-ઉલટી તથા હેપેટાઈટિસ-અ/ઊ જેવા ગંભીર પાણીજન્ય રોગોનો ફેલાવો અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

મહાનગરપાલિકાના વિતરણ ઉપરાંત નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના ઘરમાં પાણીની અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ ટાંકીઓની સમયાંતરે યોગ્ય સફાઈ કરે, જળસંચયના વાસણો ઢાંકીને રાખે અને ટાંકીની આસપાસ સ્વચ્છતા જાળવે, જેથી પાણીજન્ય રોગચાળા સામે પૂર્ણ રક્ષણ મેળવી શકાય.

# મારવાડી યુનિવર્સિટીમાં વિવાદોના વાદળ ઘેરાયા

## ABVPનો હોબાળો અને કેમ્પસનો ઘેરાવઃ કલેક્ટર કચેરી સુધી પહોંચી આક્રોશની આગ

રાજકોટ, તા. ૩૦

રાજકોટની જાણીતી મારવાડી યુનિવર્સિટી ફરી એકવાર ભારે વિવાદના વંટોળમાં સપડાઈ છે. માત્ર છ જ દિવસના ટૂંકા ગાળામાં યુનિવર્સિટી કેમ્પસમાં બે-બે વિદ્યાર્થીઓના શંકાસ્પદ અને દુઃખદ મૃત્યુથી સમગ્ર સૌરાષ્ટ્રનું શિક્ષણ જગત કંપાઈ ઊઠ્યું છે. ૧૯ સપ્ટેમ્બરે હોસ્ટેલમાં વિદ્યાર્થીનીના આપઘાત બાદ ૨૫ સપ્ટેમ્બરે છઠ્ઠા માળેથી પટકાવાથી હેમંત ગંધમ નામના યુવાન વિદ્યાર્થીનું મોત થતાં, હવે આ ઘટના માત્ર ''અકસ્માત'' કે ''આપઘાત'' ન રહેતા યુનિવર્સિટી તંત્રની ઘોર બેદરકારી અને સલામતી વ્યવસ્થા પર અનેક આકરા સવાલો ઊભા કરી રહી છે.



આ સતત બનેલી દુર્ઘટનાઓને પગલે વિદ્યાર્થી આલમ અને વાલીઓમાં ભારે ગભરાટ સાથે ઉગ્ર આક્રોશ વ્યાપી ગયો છે. સંસ્થાની ઘોર લાપરવાહી સામે રોષે ભરાયેલા અગ્રણી વિદ્યાર્થી સંગઠનો હવે આરપારના મૂડમાં આવી ગયા છે. એક તરફ એબીવીપી દ્વારા મોટી સંખ્યામાં મારવાડી યુનિવર્સિટીનો ઘેરાવ કરી તંત્ર સામે કડક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો, તો બીજી તરફ રાજકોટ જિલ્લા એનએસયુઆઈ દ્વારા કલેક્ટર સમક્ષ રજૂઆત કરી સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસની માંગ કરવામાં આવી છે.

એનએસયુઆઈ દ્વારા જિલ્લા કલેક્ટરને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં યુનિવર્સિટીની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સિક્યોરિટી સિસ્ટમ સામે ગંભીર શંકાઓ વ્યક્ત કરવામાં આવી છે. યુનિવર્સિટીની હોસ્ટેલ તથા સમગ્ર કેમ્પસમાં ઊંચાઈવાળા વિસ્તારો, બાલ્કની અને રેલિંગ પર પૂરતી સેફ્ટી ગ્રિલ કે જરૂરી સુરક્ષા કવચ છે કે નહીં તેની તાત્કાલિક ટેકનિકલ તપાસ થાય તે અનિવાર્ય બન્યું છે. આ ઉપરાંત કેમ્પસમાં કાર્યરત સીસીટીવી કેમેરા, પ્રવેશ અને બહાર નીકળવાના દ્વાર પરનું ચેકિંગ તથા સુરક્ષા કર્મચારીઓની ફરજ પ્રત્યેની જવાબદારી અંગે પણ વહીવટી સ્તરે તટસ્થ તપાસ કરવાની પ્રબળ માંગ ઉઠી છે.

સૌથી ગંભીર બાબત એ છે કે વિદ્યાર્થીઓ પર કોઈ શૈક્ષણિક, વહીવટી, હોસ્ટેલ અથવા અન્ય કોઈ પ્રકારનું અયોગ્ય દબાણ કે માનસિક પ્રેશર તો બનાવવામાં નહોતું આવી રહ્યું ને? તે દિશામાં પણ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સંબંધિત સ્ટાફના નિવેદનો લઈને સત્ય બહાર લાવવું જરૂરી છે. હેમંત ગંધમના મૃત્યુનું સાચું કારણ હાલ પોલીસ તપાસ હેઠળ છે, ત્યારે કોઈ પૂર્વગ્રહ વગર માત્ર અને માત્ર પારદર્શક તપાસ દ્વારા જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે તેમ છે.

### જામનગર હાઈવે પર : કલેક્ટરના આદેશથી તંત્રનું બુલડોઝર એક્શન

# કરોડની ULC જમીન દબાણ મુક્ત

## નોટિસ છતાં ખોડીયાર હોટલના સંચાલક દબાણ ન હટાવતા મામલતદાર ટીમે આકરી કાર્યવાહી કરતા દબાણકારોમાં ફફડાટ

રાજકોટ, તા. ૩૦

રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં સરકારી તેમજ યુ.એલ.સી. ફાજલ જમીનો પર બંગલા, હોટલો અને વાણિજ્યિક દબાણો ખડકી દેનારા તત્વો સામે જિલ્લા પ્રશાસને લાલ આંખ કરી છે. કલેક્ટર ડો. ઓમપ્રકાશની સીધી સૂચના અને કડક વલણને પગલે રાજકોટ તાલુકા તંત્ર દ્વારા જામનગર રોડ જેવા મોકાના પ્રાઈમ લોકેશન પર સપાટો બોલાવીને અંદાજે રૂ. ૧ કરોડની કિંમતની સરકારી યુ.એલ.સી. ફાજલ જમીન ગેરકાયદે કબજામાંથી મુક્ત કરાવવામાં આવી છે.

જામનગર હાઈવે રોડ પર આવેલા સર્વે નંબર ૭૭/૭૮ અને ૭૯ પૈકીની કિંમતી સરકારી જમીન પર છેલ્લા કેટલાક સમયથી અંદાજે ૩૦૦ ચોરસ મીટર જેટલા વિશાળ ક્ષેત્રફળમાં 'ખોડીયાર હોટલ'નું ગેરકાયદે બાંધકામ ખડકી દેવામાં આવ્યું હતું. પ્રાઈમ લોકેશન પર આવેલી આ કિંમતી જમીન પર વ્યાપારી હેતુ માટે પચાવી પાડવામાં આવેલા કબ્જા અંગે તાલુકા મામલતદાર મકવાણા અને તેમની ટીમ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું. આ અંગે દબાણકર્તાને સરકારી જમીન ખાલી કરવા માટે કાયદાકીય જોગવાઈ મુજબ પૂરતો સમય આપવામાં આવ્યો હતો અને નોટિસો પણ ફટકારવામાં આવી હતી.

નોટિસ અને પર્યાપ્ત સમય આપવા છતાં દબાણકર્તા દ્વારા સ્વેચ્છાએ આ ગેરકાયદે બાંધકામ દૂર કરવામાં આવ્યું નહોતું. કાયદાકીય મુદત પૂર્ણ થતાં જ રાજકોટ તાલુકા મામલતદાર કચેરીની ટીમે પોલીસ બંદોબસ્ત અને ડિમોલિશનના કાફલા સાથે સ્થળ પર દરોડો પાડ્યો હતો. તંત્રના બુલડોઝરે હોટલના આખા પાયા અને બાંધકામ પર ફરી વળીને ઘડીકના છઠ્ઠા ભાગમાં તમામ દબાણ જમીનદોસ્ત કરી દીધું હતું. આ કાર્યવાહી દ્વારા મામલતદાર ટીમે અંદાજે રૂ. ૧ કરોડથી વધુની બાજરી જેવી કિંમતી સરકારી યુ.એલ.સી. જમીન સંપૂર્ણપણે ખુલ્લી કરાવી કબ્જે લીધી છે. સરકારી ચોપડે નોંધાયેલી યુ.એલ.સી. કે અન્ય ફાજલ જમીનો પર કબ્જો જમાવીને બેઠેલા અન્ય તત્વો માટે પણ આ એક્શન એક આકરો સંદેશ સાબિત થયો છે. કલેક્ટર પ્રશાસને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આગામી દિવસોમાં પણ શહેર અને તાલુકા વિસ્તારમાં હાઈવે કાંઠે થયેલા તમામ ગેરકાયદે દબાણો સામે આવી જ સઘન અને આકરી ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

### વિજતંત્રનો સપાટો : રાજકોટે એક જ દિવસમાં ૭.૯૦ કરોડથી તિજોરી છલકાવી

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪૮.૨૯ કરોડની વસૂલાત

રાજકોટ, તા.૩૦

સૌરાષ્ટ્ર અને કચ્છના ખૂણેખૂણે અત્યારે વિજતંત્રનો ભારે ખૌફ જોવા મળી રહ્યો છે. વર્ષોથી અથવા તો મહિનાઓથી વીજ બિલના નાણાં દબાવીને બેઠેલા બાકીદારો સામે પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (ઙ્ઘક્ષટઈક) દ્વારા અત્યાર સુધીનું સૌથી મોટું અને આક્રમક ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશમાં વિવિધ કેટેગરીના વીજગ્રાહકો પાસેથી તંત્રના આશરે રૂ. ૨૦૭ કરોડ જેટલા જંગી લેણાં બોલે છે. આ બાકી નીકળતી રકમ વસૂલવા માટે વિજતંત્રએ ચોક્કસ પ્લાનિંગ સાથે સમગ્ર પ્રદેશમાં એક જ દિવસની ખાસ 'મેગા ડ્રાઈવ' યોજીને બાકીદારો સામે ખુલ્લો જંગ જાહેર કર્યો હતો. આ સપાટામાં એક જ દિવસમાં પ્રદેશભરમાંથી કરોડો રૂપિયાની રિકવરી થવા પામી છે.

તંત્ર દ્વારા આ ઝુંબેશ માટે એક સ્પષ્ટ અને કડક માપદંડ નક્કી કરવામાં આવ્યો હતો. જે વીજ ગ્રાહકોના સળંગ બે બિલ બાકી હોય અને બાકી નીકળતી રકમ રૂ. ૫,૦૦૦ કે તેથી વધુ થતી હોય, તેવા તમામ ગ્રાહકોના વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ કામગીરીને અંજામ આપવા માટે સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છમાં તંત્ર દ્વારા નાની-મોટી મળીને કુલ ૨,૬૩૭ જેટલી વિજ ચેકિંગ ટીમોને મેદાનમાં ઉતારવામાં આવી હતી. આ ટીમોએ સવારથી જ બાકીદારોના ધામ પર તવાઈ બોલાવવાનું શરૂ કર્યું હતું. આ એક્શનના પરિણામે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં કુલ ૪૦,૬૫૭ જેટલા વીજ કનેક્શનો સ્થળ પર જ રદ કરી દેવામાં આવ્યા હતા, જ્યારે આ ડર અને કાર્યવાહીના કારણે તંત્રને એક જ દિવસમાં રૂ. ૪૮.૨૯ કરોડની જંગી વસૂલાત કરવામાં સફળતા સાંપડી હતી.

આ સમગ્ર મેગા ડ્રાઈવમાં સૌરાષ્ટ્રનું પાટનગર ગણાતું રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તાર એક્શનનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું હતું. રાજકોટ શહેરમાં જ વિજતંત્રના રૂ. ૩૫.૫૬ કરોડથી વધુના લેણાં બાકી નીકળતા હોવાથી અહીંથી રિકવરી કરવી તંત્ર માટે અનિવાર્ય બની ગઈ હતી. રાજકોટ શહેર વિજ અધિક્ષક ઇજનેર તપન વોરાના જણાવ્યા મુજબ,




શહેરમાં કુલ ૪,૩૧૦ જેટલા વીજ ગ્રાહકોને ટાર્ગેટ કરીને તેમની સામે કાર્યવાહી આકેપવામાં આવી હતી. તંત્રના આ કડક વલણને જોઈને ગ્રાહકોમાં ભારે કટોકટીનો માહોલ સર્જાયો હતો. પરિણામે, ૪,૩૧૦ પૈકીના ૩,૪૧૦ ગ્રાહકોએ પોતાનું કનેક્શન કપાઈ ન જાય તે માટે ટીમ પહોંચે તે પૂર્વે જ પોતાના તમામ બાકી નાણાં રોકડા કે ડિજિટલ માધ્યમથી ભરી દીધા હતા. જ્યારે બાકી રહેલા ૯૦૦ જેટલા હટિલા વીજ ગ્રાહકોના કનેક્શનો સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા.

માત્ર આ ખાસ ઝુંબેશના કારણે જ રાજકોટ શહેરમાંથી રૂ. ૫.૯૧ કરોડની વસૂલાત થઈ હતી. આ ઉપરાંત, શહેરના અન્ય પ્રામાણિક અને નિયમિત ગ્રાહકો દ્વારા પણ સામાન્ય દિવસોની જેમ જ પોતાના વીજ બિલની ચુકવણી કરવામાં આવતી હોય છે. આ નિયમિત બિલિંગની રકમને પણ જો આ ઝુંબેશના આંકડા સાથે સાંકળી લેવામાં આવે તો રાજકોટ શહેરમાંથી એક જ દિવસમાં વીજ બિલ પેટેનું કુલ નાણાકીય કલેક્શન રૂ. ૭.૯૦ કરોડ જેવું મસમોટું નોંધાયું હતું. શહેરના વિસ્તારોની વાત કરીએ તો મોરબી રોડ, ખોખડદળ, માધાપર, બેડીનાકા તેમજ આજી સબ ડિવિઝન હેઠળ આવતા વિસ્તારોમાંથી સૌથી વધુ આંકડાકીય વસૂલાત થવા પામી હતી.

માત્ર શહેર જ નહીં, પરંતુ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં પણ વિજતંત્રની ટીમોએ તેટલો જ આક્રમક પિછાડો બતાવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૩,૫૮૦ વીજ કનેક્શનો સામે કડક કાનૂની અને વહીવટી કાર્યવાહી હાથ ધરીને રૂ. ૫.૧૫ કરોડની વસૂલાત કરવામાં આવી હતી. રાજકોટ સિવાય સૌરાષ્ટ્ર અને કચ્છના અન્ય જિલ્લાઓમાં પણ વસૂલાતનો આંકડો કરોડોમાં પહોંચ્યો હતો. જેમાં જામનગર સર્કલમાંથી રૂ. ૭.૦૩ કરોડ, ભાવનગરમાંથી રૂ. ૫.૬૧ કરોડ, ભુજમાંથી રૂ. ૪.૮૪ કરોડ, મોરબીમાંથી રૂ. ૪.૮૪ કરોડ, અમરેલીમાંથી રૂ. ૩.૨૬ કરોડ, જૂનાગઢમાંથી રૂ. ૨.૩૪ કરોડ, અંજારમાંથી રૂ. ૧.૮૫ કરોડ અને બોટાદ સર્કલમાંથી રૂ. ૧.૧૪ કરોડની કડક વસૂલાત કરવામાં આવી હતી.

વિજતંત્રની આ અભૂતપૂર્વ અને આક્રમક કામગીરીથી સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના વીજ બાકીદારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તંત્રએ આ ઓપરેશનથી બહુ સ્પષ્ટ મેસેજ આપી દીધો છે કે સરકારી નાણાં દબાવીને બેસનારાઓ સામે હવે કોઈ પણ જાતની રહેમરાહ રાખવામાં આવશે નહીં. જો આગામી દિવસોમાં પણ બાકી લેણાં ચૂકવવામાં નહીં આવે તો આ પ્રકારની મેગા ડ્રાઈવ સતત ચાલુ રાખવામાં આવશે અને ગમે ત્યારે ગ્રાહકોએ અંધારપટનો સામનો કરવો પડી શકે છે.

# આવી પણ યુવા કથા..

## સોશિયલ મીડિયામાંથી પ્રેરણા લેતા હો તો અધુરી ન લેતા



રાજકોટમાં આધ્યાત્મિક અને ધાર્મિક માહોલ વચ્ચે એક અલગ જ વાસ્તવિક કથા આલેખાઈ રહી હતી. જયાકિશોરીજીની યુવા કથા ચાલતી હતી ત્યારે રાજકોટમાં એક યુવાનની અલગ યુવા કથા આલેખાતી હતી. એક સામાન્ય શાકભાજી વેચનારો યુવાન કિશન રાતોરાત કરોડપતિ બનવાના સપના જોવા લાગ્યો. આ લાલચ તેને ખોટા રસ્તે દોરી ગઈ.

તે ચલણી નોટો છાપવાના ગંભીર ગુનાના રવાડે ચઢી ગયો અને આખરે પોલીસ પકડમાં આવી ગયો. કિશનને આ ખતરનાક પ્રેરણા સોશિયલ મીડિયાના એક મિત્ર દ્વારા મળી હતી. ડિજિટલ માધ્યમથી તેણે જાલી નોટ બનાવવાની માહિતી મેળવી. આજે આ યુવાનની આખી જિંદગી નંદવાઈ ગઈ છે. સોશિયલ મીડિયા એક બેધારી તલવાર સમાન છે. તેનો અધૂરો ઉપયોગ માણસને પતન તરફ ધકેલી દે છે.

આજના યુવાનો સોશિયલ મીડિયા પર શોર્ટકટ અપનાવીને ઝડપથી પૈસા કમાવા માંગે છે. તેઓ અધૂરી માહિતીના આધારે ગંભીર ગુનાઓ આચરે છે. કિશને માત્ર નોટો છાપવાની રીત શીખી, પરંતુ તેના ગંભીર પરિણામો વિશે વિચાર્યું નહીં. સોશિયલ મીડિયામાંથી પ્રેરણા લેવી હોય તો તેનો પૂરેપૂરો અભ્યાસ કરવો જોઈએ. જો તેણે એ પણ જાણવાનો પ્રયાસ કર્યો હોત કે આ ગુનો કેટલો અઘરો છે, તો તે ક્યારેય આ રસ્તે ન જાત. જાલી નોટ છાપવા બદલ કાયદામાં આજીવન કેદ કે મોટી સજાની જોગવાઈ છે. જો યુવાને નેટમાંથી આ કાયદાકીય માહિતી મેળવી લીધી હોત, તો તે ચોક્કસપણે ગુનો કરતા અટકી જાત.

ઈમાનદારીની મહેનત ક્યારેય એળે જતી નથી. શાકભાજી વેચીને પ્રામાણિકતાથી કમાણી કરવી એ મુશ્કેલ લાગે છે, પરંતુ તે સલામત છે. ગુનાખોરીનો રસ્તો ક્ષણિક ચમકારો આપે છે અને પછી આખી જિંદગી જેલના સળિયા પાછળ વિતાવી પડે છે. સોશિયલ મીડિયા માત્ર મનોરંજન કે ગુનાખોરી શીખવાનું સાધન નથી. તેમાંથી સારી વાતો અને રચનાત્મક પ્રેરણા લેવી જોઈએ. અધૂરી માહિતી ક્યારેય જીવનને સફળ બનાવી શકતી નથી. કિશન જેવી ભૂલ અન્ય યુવાનો ન કરે તે જરૂરી છે. સોશિયલ મીડિયાનો ઉપયોગ હંમેશાં સકારાત્મક અને જાગરૂક બનીને કરવો જોઈએ. સાચી દિશામાં કરેલી મહેનત જ સાચી પ્રેરણા છે. અંતે, શાકભાજી વેચવા જેવી સામાન્ય અને સાચી મહેનત જ જીવનમાં શ્રેષ્ઠ અને શાંતિપૂર્ણ માર્ગ સાબિત થાય છે.

# હવાની ગુણવત્તા બગડે તે પહેલાં તૈયારીઓ શરૂ

## દિલ્હી-NCRમાં પ્રદૂષણના હુમલાનો સામનો કરવા માટે યોજના તૈયાર

નવીદિલ્હી, તા. ૩૦

ઓક્ટોબર આવતાની સાથે જ દિલ્હી-એનસીઆરમાં હવા બગડવા લાગે છે. આ વખતે, પ્રદૂષણ વધવાની રાહ જોવાને બદલે, તૈયારીઓ અગાઉથી શરૂ થઈ ગઈ છે. રસ્તાની ધૂળથી લઈને વાહનોના એક્ઝોસ્ટ, બાંધકામ, ફેક્ટરીઓ અને પરાળી બાળવા સુધી, દરેક સ્ત્રોતને એકસાથે સંબોધવાની યોજના છે. કલ્પના કરો કે સ્વચ્છ હવાની સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે શિયાળો આવે તે પહેલાં જ સમગ્ર સિસ્ટમને સક્રિય કરવી પડશે. દિલ્હી-એનસીઆરમાં હવા ઘણા પરિબળોથી પ્રદૂષિત છે. રસ્તાની ધૂળ, વાહન અને ફેક્ટરીનો ધુમાડો, બાંધકામ અને તોડી પાડવાનો કાટમાળ અને ખુલ્લામાં કચરો બાળવા એ બધા વાયુ પ્રદૂષણમાં ફાળો આપે છે. શિયાળાના હવામાનના કારણે હવામાં વિખેરાઈ જવાને બદલે જમીનની નજીક પ્રદૂષણ એકઠું થાય છે.



યુપીના સીએમ યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ વચ્ચે તાજેતરમાં થયેલી બેઠકમાં એનસીઆરમાં હવા સુધારવાની તૈયારીઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આ પહેલ હેઠળ, ઉત્તર પ્રદેશના એનસીઆર ક્ષેત્રના આઠ જિલ્લાઓમાં ઊંડી સફાઈ કરવામાં આવશે, એટલે કે ફક્ત સાફ કરવાને બદલે, રસ્તાની ધૂળને યાંત્રિક મશીનોથી સાફ કરવામાં આવશે જેથી પસાર થતા વાહનો દ્વારા હવામાં ઝીણી ધૂળ ઉડી ન જાય. રસ્તા પર આપણે જે ધૂળ જોઈએ છીએ તે ધૂળનો એક ભાગ છે જે પાછળથી હવામાં પહોંચે છે અને ૪ખ ૧૦ અને ૪ખ ૨.૫ જેવી સમસ્યાઓમાં ફાળો આપે છે. દિલ્હીમાં, નાના અને સાંકડા રસ્તાઓને સાફ કરવા માટે ૩૦ ઇલેક્ટ્રિક મિકેનિકલ સ્વીપિંગ મશીનો પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

દર વર્ષે, ઓક્ટોબર-નવેમ્બરમાં, અચઈ ની ચર્ચા કરતી વખતે પરાળી બાળવી એ ટોચની પ્રાથમિકતા છે. છેલ્લા કેટલાક વર્ષોના ડેટા સૂચવે છે કે જાગૃતિમાં વધારો થયો છે અને આ દિશામાં કામ કરવામાં આવ્યું છે. ૨૦૨૧ માં, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશના ગઈછ પ્રદેશ, રાજસ્થાનના ગઈછ જિલ્લાઓ અને દિલ્હીમાં પરાળી બાળવાના ૭૮,૫૫૦ બનાવો બન્યા હતા. ૨૦૨૨ માં, આ સંખ્યા ઘટીને ૫૩,૭૯૨, ૨૦૨૩ માં ૩૯,૧૮૬, ૨૦૨૪ માં ૧૨,૭૫૦ અને ૨૦૨૫ માં આશરે ૬,૦૮૦ થઈ ગઈ. આનો અર્થ એ થયો કે છેલ્લા કેટલાક વર્ષોમાં ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જોકે, દિલ્હીની હવા ગુણવત્તા કટોકટી હજુ પણ વણઉકેલાયેલી છે. તેથી, અન્ય સ્ત્રોતો પર ધ્યાન કેન્દ્રિત કરવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે.

ઉત્તર પ્રદેશના ગઈછ જિલ્લાઓમાં ઔદ્યોગિક પ્રદૂષણનું રીઅલ-ટાઇમ મોનિટરિંગ વધારવા માટે તૈયારીઓ ચાલી રહી છે. મોટી સંખ્યામાં ઉદ્યોગોએ OCEMS (ઓનલાઇન સતત ઉત્સર્જન મોનિટરિંગ સિસ્ટમ્સ) ઇન્સ્ટોલ કરી છે. આ સિસ્ટમ એકમમાંથી ઉત્સર્જનને માપી શકે છે. હવે, ફક્ત અચઈ પર નજર રાખવામાં આવશે નહીં, પરંતુ વધારાના કારણની પણ તપાસ કરવામાં આવશે. શું તે વધુ ધૂળ છે કે ટ્રાફિક? શું પ્રદૂષણ બાંધકામ અથવા ઉદ્યોગને કારણે થયું હતું? શું કોઈ કચરો બાળવામાં આવી રહ્યો હતો? આ ડેટા આગળની કાર્યવાહી નક્કી કરવામાં મદદ કરી શકે છે.

ઈઅચખ (કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ) એ આ જ ફિલસૂફી સાથે દિલ્હી-NCR માટે નવું GRAP તૈયાર કર્યું છે. હવાની ગુણવત્તા અત્યંત ખરાબ થઈ ગયા પછી પગલાં લેવાને બદલે, હવામાન અને હવાની ગુણવત્તાની આગાહીના આધારે અગાઉથી પગલાં લેવાની યોજના છે. આમાં જો જરૂરી હોય તો પાર્કિંગ ફીમાં વધારો, ઘરેથી કામ, હાઈબ્રિડ વર્ગો, બાંધકામ પર પ્રતિબંધ અને વાહન પ્રતિબંધો જેવા પગલાં શામેલ છે. આ વખતે, સિસ્ટમ ''અચઈ બગડે છે, પછી પગલાં લેવા'' થી ''અચઈ વધુ ખરાબ થવાનું છે, તેથી તૈયારી કરો'' સુધીનો પોતાનો અભિગમ બદલવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ વાસ્તવિક પ્રશ્ન મશીનોથી આગળ વધે છે. મશીનો રસ્તાઓ સાફ કરશે. મોનિટરિંગ સિસ્ટમ્સ પ્રદૂષણના સ્ત્રોતને ઓળખશે.

GRAP પ્રતિબંધો લાદશે. પરંતુ જો રસ્તાઓ સાફ કર્યા પછી પણ ગંદકી એકઠી થતી રહે, બાંધકામ સામગ્રી ખુલ્લામાં પડેલી રહે, કચરો સળગતો રહે અને વાહનોનો ધુમાડો વધતો રહે, તો મશીનો એકલા હવા સાફ નહીં કરે. સફાઈ માટે કેટલા મશીનોનો ઉપયોગ થાય છે તે પૂછતા પહેલા પ્રશ્ન એ છે કે તે શરૂ થાય તે પહેલાં કેટલું પ્રદૂષણ અટકાવવામાં આવ્યું હતું. કારણ કે દિલ્હી-ગઈછની હવા ઓક્ટોબરમાં અચાનક બગડતી નથી. તેની વાર્તા ઘણા મહિનાઓ પહેલા શરૂ થાય છે. તેથી, આ વખતે પ્રયાસ હવા બગડવાની રાહ જોવાનો નથી પરંતુ તે પહેલાં શહેરને તૈયાર કરવાનો છે.

# ચૂંટણી પંચનો ફોર્મ ૬ અંગે મહત્વપૂર્ણ નિર્ણય

## રાજ્યોમાં જીઈછ પૂર્ણ છે, ત્યાં નવા મતદારોને અલગથી માહિતી આપવાની જરૂર રહેશે નહીં

નવીદિલ્હી, તા. ૩૦

ભારતના ચૂંટણી પંચે એવા રાજ્યોમાં ઓનલાઇન ફોર્મ ૬ માંથી વધારાની SIR-સંબંધિત ઘોષણા દૂર કરી દીધી છે જ્યાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પૂર્ણ થઈ ગઈ છે. ફોર્મ ૬ માં ઉમેરવામાં આવેલી નવી જોગવાઈઓ સામે ચૂંટણી કમિશનરોએ વાંધો ઉઠાવ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું હતું. આનો અર્થ એ થયો કે લોકોને હવે નવા મતદાર કાર્ડ મેળવવા માટે તેમના પૂર્વજો સંબંધિત દસ્તાવેજો અથવા માહિતી પ્રદાન કરવાની જરૂર રહેશે નહીં. મીડિયા અહેવાલો અનુસાર, ત્રણ ચૂંટણી કમિશનરોમાંથી બેએ ફોર્મ ૬ માં થયેલા ફેરફારો સામે વાંધો ઉઠાવ્યો હતો. ચૂંટણી કમિશનર વિવેક જોશીએ જણાવ્યું હતું કે ૧૯૬૦ ના મતદારોના નોંધણી નિયમો હેઠળ ફોર્મ ૬ ના નિયમોમાં સુધારો કર્યા વિના ફેરફારો કરી શકાતા નથી. અન્ય ચૂંટણી કમિશનર, સુખબીર સિંહ સંધુ તેમની સાથે સંમત થયા હતા. ૨૬ સપ્ટેમ્બરના રોજ ત્રણ કમિશનરોની બેઠકમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલોમાંથી જાણવા મળ્યું છે કે ચૂંટણી કમિશનરો વિવેક જોશી અને સુખબીર સિંહ સંધુએ છેલ્લા ૧૦ મહિનામાં ફોર્મ ૬ અને ECINET




ના મુદ્દા સહિત ચૂંટણી કમિશનને લગતી બાબતો પર ૧૪ વખત વાંધો ઉઠાવ્યો હતો. જોકે, ૨૬ સપ્ટેમ્બરના રોજ પૂર્ણ કમિશનની બેઠક પછી જારી કરાયેલી એક પ્રેસ રિલીઝમાં, આ મુદ્દો કર્મચારી સંબંધિત હોવાનું જણાવીને આ મુદ્દો ફગાવી દેવામાં આવ્યો હતો.

સંધુએ ECINET પર ઓનલાઈન ફોર્મ ૬ પ્રક્રિયામાં SIR સંબંધિત ઘોષણાના સમાવેશ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. તેમણે આ ફેરફારને ''ગેરકાયદેસર'' ગણાવ્યો હતો, તેને દૂર કરવાની માંગ કરી હતી. ફોર્મ ૬ માં નવી જોગવાઈને દૂર કરવાનો નિર્ણય કમિશનની સંપૂર્ણ ટીમ દ્વારા નક્કી કરવામાં આવ્યાના થોડા દિવસો પછી આવ્યો હતો કે આ જરૂરિયાત ફક્ત SIR પ્રક્રિયા દરમિયાન જ લાગુ થશે. ફોર્મ ૬ માં ઉમેરવામાં આવેલી ઘોષણામાં નવા અરજદારોએ અગાઉના સઘન સુધારા દરમિયાન તૈયાર કરાયેલ મતદાર યાદી સાથે પોતાને અથવા તેમના માતાપિતા અથવા દાદા-દાદીને જોડતી માહિતી પ્રદાન કરવાની જરૂર છે. આ ઘોષણા એવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઊઈંઈંગઊઝ પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે જ્યાં સ્પેશિયલ સઘન પુનરાવર્તન (SIR) ચાલી રહ્યું છે. જો કે, ૨૬ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલી એક પ્રેસ રિલીઝમાં, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ફોર્મ ૬ માં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી અને આ ઘોષણા SIR માટે વધારાની જરૂરિયાત હતી. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં બિહાર SIR ને સમર્થન આપ્યું હતું. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે SIR પછી ફોર્મ ૬ પુનઃસ્થાપિત કરવામાં આવશે. SIRને લગતા ચાલી રહેલા વિવાદ વચ્ચે, ચૂંટણી પંચે ફોર્મ ૬ માં ઉમેરાયેલ ઘોષણાપત્ર પાછું ખેંચી લીધું છે. પંચ જણાવે છે કે જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે, ત્યાં કોઈ અલગ માહિતીની જરૂર રહેશે નહીં.

### ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની ૧૦ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે

# સપાએ ધનરાજ નથવાણીને રાજ્ય સભના ઉમેદવાર બનાવ્યા



નવીદિલ્હી, તા. ૩૦

સમાજવાદી પાર્ટીના બંને ઉમેદવારો (રામ ગોપાલ યાદવ અને ધનરાજ નથવાણી) એ રાજ્યસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારીપત્રો ભર્યા છે. તેમણે અખિલેશ યાદવની હાજરીમાં પોતાના ઉમેદવારીપત્રો ભર્યા છે. ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની ૧૦ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. સમાજવાદી પાર્ટીએ રાજ્યસભા માટે રામ ગોપાલ યાદવ અને ધનરાજ પરિમલ નથવાણીને નામાંકિત કર્યા છે. સમાજવાદી પાર્ટી એ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને જાહેરાત કરી છે કે બંને ઉમેદવારો તેમના ઉમેદવારીપત્રો ભરશે. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે, ''સમાજવાદી પાર્ટીના અધિકૃત રાજ્યસભા ઉમેદવારો, પ્રો. રામ ગોપાલ યાદવ અને ધનરાજ પરિમલ નથવાણી, સવારે ૧૧ વાગ્યે રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવની હાજરીમાં પોતાના ઉમેદવારીપત્રો ભરશે.

ધનરાજ નથવાણી ઉદ્યોગ અને ક્રિકેટ વહીવટમાં એક જાણીતી વ્યક્તિ છે. તેઓ રિલાયન્સ ગ્રુપ સાથે સંકળાયેલા છે અને ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA) ના પ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેઓ હાલમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપે છે અને અંબાણી પરિવારની ખૂબ નજીક માનવામાં આવે છે.

ધનરાજ નથવાણી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના વરિષ્ઠ અધિકારી અને રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના પુત્ર છે. ૫ ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ જન્મેલા, તેમણે લંડનની રીજન્ટ્સ બિઝનેસ સ્કૂલમાંથી ઇન્ટરનેશનલ બિઝનેસનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેમણે કોર્પોરેટ લો અને પબ્લિક રિલેશન્સ મેનેજમેન્ટમાં ખઇઅ કર્યું. કોર્પોરેટ ક્ષેત્રમાં, ધનરાજ નથવાણી રિલાયન્સ ગ્રુપ સાથે સંકળાયેલા છે. તેઓ રમતગમત, CSR અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સામેલ રહ્યા છે. ધનરાજ નથવાણી ગુજરાત ક્રિકેટ એસોસિએશન સાથે લાંબા સમયથી સંકળાયેલા છે. ૨૦૧૯માં, તેઓ GCAના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા. ત્યારબાદ, નવેમ્બર ૨૦૨૨માં, તેઓ ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે ચૂંટાયા. ક્રિકેટ વહીવટમાં તેમની ભૂમિકા દરમિયાન, તેઓ ગુજરાતમાં ક્રિકેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રમતગમત પ્રવૃત્તિઓ સંબંધિત વિવિધ પહેલોમાં સક્રિય રીતે સામેલ રહ્યા.

ધનરાજ નથવાણી CSR, સામાજિક કાર્ય, વન્યજીવન અને પર્યાવરણમાં પણ રસ ધરાવતા રહ્યા છે. તેમની સત્તાવાર પ્રોફાઇલમાં દ્વારકા દેવસ્થાન સમિતિ સાથેની તેમની જવાબદારીઓ પણ સૂચિબદ્ધ છે. ભારત સરકારના ૨૦૨૩ના ગેઝેટ નોટિફિકેશન અનુસાર, તેમને અમદાવાદમાં હંગેરીના માનદ કોન્સ્યુલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમના કોન્સ્યુલર ક્ષેત્રમાં ગુજરાતની સાથે દમણ-દીવ અને દાદરા અને નગર હવેલીનો પણ સમાવેશ થાય છે.

# લશ્કર કમાન્ડર મુસા એન્કાઉન્ટરમાં ઠાર





## બડગામમાં સુરક્ષા દળોને મોટી સફળતા : સર્ચ ઓપરેશન શરૂ

નવીદિલ્હી, તા. ૩૦

કાશ્મીરમાં સુરક્ષા દળોએ લશ્કર કમાન્ડર હાશિમ મુસા ઉર્ફે ફૌજીને મારીને મોટી સફળતા મેળવી. ત્રણ વર્ષની શોધખોળ બાદ, તેને બડગામના કોકરનાગના જંગલોમાં ઠાર કરવામાં આવ્યો. બુધવારે સવારે પાલમેદાન વિસ્તારમાં શોધ દરમિયાન તેનો મૃતદેહ મળી આવ્યો. પાકિસ્તાની આતંકવાદી મુસા એપ્રિલ ૨૦૨૫ માં ડીકેજી, શાહસિતાર અને પહેલગામમાં થયેલા ભયાનક હત્યાકાંડનો માસ્ટરમાઇન્ડ પણ હતો. મુસાની ઓળખ માત્ર એક નિયમિત આતંકવાદી તરીકે જ નહીં, પરંતુ એક ઉચ્ચ પ્રશિક્ષિત વિદેશી આતંકવાદી અને લશ્કર કમાન્ડર તરીકે પણ થઈ હતી. સુરક્ષા એજન્સીઓ અનુસાર, તેણે પાકિસ્તાનના સ્પેશિયલ સર્વિસીસ ગ્રુપ (જજીક્ષ) પાસેથી કમાન્ડો તાલીમ મેળવી હતી. તેની લશ્કરી તાલીમથી તે લાંબા સમય સુધી સુરક્ષા દળોથી બચીને પર્વતીય પ્રદેશમાં કામ કરી શક્યો.

૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ ડેરા કી ગલી (ઉઊંત્રક્ષ) હુમલા પછી મુસાનું નામ સૌપ્રથમ મોટા આતંકવાદી હુમલાઓ સાથે જોડાયું હતું. પૂંચ-રાજૌરીના આ વિસ્તારમાં, આતંકવાદીઓએ સેનાના વાહનો પર હુમલો કર્યો. આ હુમલામાં પાંચ સેનાના જવાનો શહીદ થયા હતા અને બે ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઉઊંત્રક્ષ અને આસપાસના ગાઢ જંગલો ત્યારબાદ વિદેશી આતંકવાદીઓ માટે એક મુખ્ય છુપાવાનું ક્ષેત્ર બની ગયા. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા અનુસાર, મુસા આ વિસ્તારમાં પણ કાર્યરત હતો અને સુરક્ષા દળોથી બચવા માટે જંગલો અને ડુંગરાળ પ્રદેશનો ઉપયોગ કરતો હતો. મુસા ક્યારેક જંગલમાંથી પીર પંચાલ ટેકરીઓ અથવા પીર કી ગલી વિસ્તારમાં છુપાઈ જતો હતો, અને ક્યારેક સુરક્ષા કર્મચારીઓથી બચવા માટે દક્ષિણ કાશ્મીરના સોપિસમાં છુપાઈ જતો હતો.

ત્યારબાદ, ૪ મે, ૨૦૨૪ ના રોજ પૂંચના શાહસિતાર વિસ્તારમાં ભારતીય વાયુસેનાના કાફલા પર થયેલા હુમલા સાથે પણ મુસાનું નામ જોડાયું હતું. આતંકવાદીઓએ ઈંઅત્રક્ષ વાહનોને નિશાન બનાવીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. હુમલામાં એક ઈંઅત્રક્ષ સૈનિક શહીદ થયો હતો અને ચાર ઘાયલ થયા હતા. આનો અર્થ એ થયો કે ઉઊંત્રક્ષ થી શાહસિતાર સુધી, આ જંગલ આધારિત આતંકવાદી નેટવર્ક સતત સુરક્ષા દળોને નિશાન બનાવતું હતું. જો કે, પહેલગામ આતંકવાદી હુમલા પછી હાશિમ મુસાની સાચી ઓળખ અને ફોટોગ્રાફ સૌપ્રથમ જાહેરમાં આવ્યો. એક ફોટોગ્રાફમાં ચાર આતંકવાદીઓનું જૂથ દર્શાવવામાં આવ્યું હતું, જેમાં જમણી બાજુ હાશિમ મુસા હતા. ત્યારબાદ સુરક્ષા એજન્સીઓએ આતંકવાદીની શોધ તીવ્ર બનાવી. દરમિયાન, મુસા સુરક્ષા દળોથી બચવા માટે સતત સ્થાનો બદલતો રહ્યો.

તેણે પર્વતીય જંગલો અને દૂરના વિસ્તારોને પોતાનું છુપાવાનું સ્થાન બનાવ્યું. જોકે, સુરક્ષા એજન્સીઓ સતત તેના પર નજર રાખતી હતી. અંતે, ઓપરેશન કરાગ દરમિયાન, સુરક્ષા દળોએ મોટી સફળતા મેળવી, આ લાંબા સમયથી ઇચ્છિત ખતરનાક આતંકવાદીને પકડી લીધો. મુસા, જે લાંબા સમયથી સુરક્ષા એજન્સીઓના રડાર પર હતો, તેને આખરે ખતમ કરી દેવામાં આવ્યો.

### રજપૂતપરા વિસ્તારમાં આવેલી ગ્રાફિક ડિઝાઇનીંગની ઓફિસમાં ચોંકાવનારી ઘટના

# મહિલા કર્મીના ગાલ ખેંચી છેડતી!

## મહિલા કર્મીએ વયોવૃધ્ધ ઓફિસ સંચાલકને ઉમરને કારણે માફ કર્યાઃ પણ એમણે હદ વટાવી કહ્યું તારો પતિ ન હોય તો કહેજે હું ઘરે આવીશઃ અંતે મહિલાએ એ-ડિવીઝનમાં ફરિયાદ દાખલ કરાવી

રાજકોટ તા. ૩૦

અમુક વિકૃત શખ્સો એવા હોય છે જે પોતાની વિકૃતતાને ગમે તે સ્થળે ગમે ત્યારે જાગૃત કરી દેતાં હોય છે અને ન કરવાનું કરતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના બની હતી. જેમાં એક ગ્રાફિક ડીઝાઇનની ઓફિસના વયોવૃધ્ધ માલિકે પોતાની જ ઓફિસની છત્રીસ વર્ષિય મહિલા કર્મચારી પર નજર બગાડી હતી. પહેલી વખત આ મહાશયે મહિલા કર્મચારીના ગાલ ખેંચી શું કરે છે મારી દિકરી? એવુ બોલી વ્હાલ કર્યુ હતું. બે ત્રણ વખત આવુ થતાં આ મહિલાએ તેને ટોક્યા હતાં. પણ બાદમાં તે આગળ વધી ગયા હતાં અને બીજી વખત તેણીના હાથ પકડી ખેંચી લીધી હતી. ત્રીજી વખત તેણે અચાનક બથ ભરી અડપલા કરી લીધા હતાં. અંતે મહિલાએ પોલીસની મદદ લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના રજપૂતપરા વિસ્તારમાં આવેલી એક ઓફિસમાં ગ્રાફિક ડિઝાઇનર તરીકે કામ કરતી હોઇ અહિ ઓફિસના ભાગીદારએ તેણીને શરૂઆતમાં મજાક મસ્તીમાં 'શું કરે છે મારી દિકરી?' તેમ કહી બે ત્રણ વખત ગાલ ખેંચી લેતાં મહિલાએ આવુ પોતાને પસંદ નહિ હોવાનું કહેતાં ત્યારબાદ પણ આ વ્યક્તિએ મારા માટે પણ ચા બનાવજે કહી તેણીના બંને હાથ પકડી ખેંચી લીધા બાદ તારો પતિ ન હોય ત્યારે કહેજે હું પૈસા લઇને ઘરે આવીશ તેવું કહી દીધુ હતું.

ત્યારબાદ એક દિવસ તેણી કામ કરતી હતી ત્યારે અચાનક આવી બથ ભરી લઇ અડપલા કરી લેતાં અંતે તેણીએ પતિને જાણ કરતાં આ ઓફિસના ભાગીદાર સામે ગુનો દાખલ કરાવ્યો હતો. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે ભોગ બનનાર છત્રીસ વર્ષિય પરિણીતાની ફરિયાદ પરથી રજપૂતપરાના અમરદિપ કોમ્પલેક્ષમાં આવેલી વીઆર બ્રધર્સ સિરામીક નામની ઓફિસના માલિક-સંચાલક અશોક સાવલીયા સામે એફઆઇઆર દાખલ કરી હતી. વધુ માહિતી અનુસાર ભોગ બનનાર મહિલા પરિણીત છે અને એક સંતાન છે. તેણી વીઆર બ્રધર્સ નામની દુકાનમાં ગ્રાફિક્સ ડિઝાઇનર તરીકે કામ કરે છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે છએક મહિના પહેલા અખબારમાં જાહેરાત આવી હતી કે



આ દૂકાનમાં ગ્રાફિક ડિઝાઇનર મહિલાની જરૂર છે. તેના આધારે હું ત્યાં ગઇ હતી. મને નોકરીમાં રાખી લેવાઇ હતી. અહિ મારી સાથે અન્ય આઠ મહિલા પણ કામ કરે છે. આ વીઆર બ્રર્સમાં અશોકભાઇ સાવલીયા અને મયુરભાઇ પટેલ બંને ભાગીદાર છે. આ ઓફિસનું બહારનું ઓફિસ વર્ક અજયભાઇ સંભાળે છે. અશોકભાઇ સાવલીયા ઓફિસમાં જ હાજર રહી દેખરેખ રાખે છે. ત્રણેક મહિના પહેલા હું ગ્રાફિક ડિઝાઇનનું કામ કરી રહી હતી ત્યારે અશોકભાઇ મારી પાસે આવ્યા હતાં અમસ્તી કરતાં કરતાં હસીમજાકમાં 'મારી દિકરી શું કરે છે?' તેમ કહી ગાલ ખેંચ્યા હતાં. તેમણે બે ત્રણ વખત આવુ કરતાં મેં તેમને કહેલું કે મને આ પસંદ નથી.

આ સાંભળી તેણે કહેલું કે તું તો મારી દિકરી જેવી છો. ત્યારબાદ થોડા દિવસ પછી હું ઓફિસમાં આવેલ કિચન રૂમમાં ચાના કીટલામાં ચા ગરમ કરતી હતી ત્યારે બાજુની ખુરશીમાં બેઠેલા અશોકભાઇએ મારા માટે પણ ચા ગરમ કરજે તેમ કહેતાં મેં હાથના ઇશારાથી હા પાડી હતી. તે સાથે જ તેણે મારા બંને હાથ પકડી લીધા હતાં અને મને તેમના તરફ ખેંચી હતી. જેથી મેં તરત જ મારા હાથ ખેંચી લીધા હતાં અને કહ્યું હતું કે તમારી ઉમરને કારણે મર્યાદા રાખુ છું. આ યોગ્ય ન કહેવાય. ત્યારે અજયભાઇ પણ હાજર હતાં. બાદ મેં તેમની સાથે બોલવાનું ઓછુ કરી દીધુ હતું. આ દરમિયાન આજથી સાતેક દિવસ પહેલા હું કીચન એરીયામાં હતી ત્યારે ફરીથી મારી પાસે આવ્યા હતાં અને કહ્યુ હતું કે- તારો પતિ ઘરે ન હોય ત્યારે કહેજે હું પૈસા લઇને આવીશ.

બાદમાં બીજા દિવસે હું કામ કરતી હતી ત્યારે અશોકભાઇ અચાનક આવ્યા હતાં અને મને બાથ ભરી લીધી હતી. તેમજ અંગત પાર્ટ પર સ્પર્શ કરતાં હું ગભરાઇ ગઇ હતી. મેં રાડારાડ કરતાં સાથે કામ કરતાં બે બહેનો દોડી આવ્યા હતાં. આ બનાવ બાબતે અશોકભાઇના ભાગીદારને જાણ કરવી હતી. પરંતુ તે બહારગામ હતાં. બનાવ પછી હું સતત મુંજવણમાં રહેતી હતી. મારા પતિએ મને પુછતાં મેં તમેને હકિકત જણાવી હતી. બાદમાં પતિએ ફરિયાદ નોંધાવવાનું કહ્યુ હતું. એ-ડિવીઝન પોલીસ ઇન્સપેક્ટર જે. વી. વાઢીયાના માર્ગદર્શનમાં હેડકોન્સ. પી. જી. ઝાલાએ ગુનો દાખલ કરતાં પીએસઆઇ જે. આર. સોલંકીએ તપાસ હાથ ધરી હતી. આ કિસ્સાએ સમગ્ર શહેરમાં ભારે ચકચાર જગાવી દીધી છે.

# સરધારમાં ઓઇલ મીલમાં બુકાનીધારી ત્રાટક્યાઃ રોકડની ચોરી

### ત્રણ ચોર વંડી ઉપર ચાલીને અંદર આવ્યાઃ ચડ્ડીબનીયાન પહેર્યા હતાં



રાજકોટ, તા.૩૦

ચોરીની વધુ એક ઘટના સામે આવી હતી. જેમાંરાજકોટ-ભાવનગર હાઇવે પર સરધારમાં મૈત્રી ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ નામની મીલમાં ઓફિસની પાછળની બારીના સળીયા તોડી ત્રણ બુકાનીધારી ચડ્ડી બનીયાન પહેરેલા ચોર ઘુસી જઇ રૂા. ૧,૬૫,૦૦૦ની રોકડ ચોરી જતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે જસદણ બજરંગ નગર પાટીદાર સોસાયટીમાં રહેતાં અને સરધાર ખાતે મૈત્રી ઓઇલ ઇન્ડસ્ટ્રી નામે કારખાનુ ચલાવતાં પટેલ અલ્પેશભાઇ ભૂપતભાઇ કુકડીયાની ફરિયાદ દાખલ કરી હતી.

વધુ માહિતી અનુસાર અલ્પેશભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે સત્યાવીસમીના રાત્રીના કપાસીયાની ખાલી થવા માટે ગાડી આવેલ હોઇ જે ગાડી ખાલી કરાવી મારા પાર્ટનર જીલભાઈને રૂપીયા ૧,૬૫,૦૦૦ કપાસીયાની ગાડી વાળાને ચુકવવા માટે આપેલ હતા. જે પૈસા કારખાનાની ઓફીસના ટેબલમાં રાખ્યા હતાં. ત્યારબાદ આશરે બે વાગ્યાની આસપાસ હું કારખાનેથી નિકળી ઘરે ગયેલ હતો અને મારા પાર્ટનર જીલભાઈ ધર્મેશભાઈ કોટડીયા કારખાનામાં રાત રોકાયા હતાં.

બાદમાં ૨૮ના સવારના નવેક વાગ્યાની આસપાસ મારા પાર્ટનર જીલભાઇનો ફોન આવેલ અને કહેલ કે, આપણા કારખાનામાં ચોરી થયેલ છે અને કારખાનાની ઓફિસમાં રાખેલ રૂપીયા ૧,૬૫,૦૦૦ ગાયબ છે.ત્યારબાદ હું કારખાને ગયો હતો. તપાસ કરતાં ઓફિસમાની પાછળની બારીના સળીયા તુટેલા દેખાયા હતાં. ઓફીસમા રાખેલ સી.સી.ટી.વી કેમેરા ચેક કરતા કોઇ અજાણ્યા ત્રણ શખ્સ વહેલી સવારે ચારેક વાગ્યાની આસપાસ મોઢે રૂમાલ બાંધી અને શરીરે ચડ્ડી બનીયાન પહેરીને આવેલા દેખાયા હતાં. આ તસ્કરો અમારા કારખાનાની દિવાલ ઉપર ચાલીને ઓફિસની પાછળની બારીના સળીયા તોડી કારખાનાની ઓફિસમાં પ્રવેશ કરતાં દેખાયા છે. આજીડેમ પોલીસને જાણ થતાં પીઆઇ એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ. એલ. ગોહિલે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

# નવાગામ દેવનગરમાં વૃધ્ધે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી

રાજકોટ, તા.૩૦

આપઘાતનો વધુ એક બનાવ બન્યો હતો. નવાગામમાં રહેતાં વૃધ્ધે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. અગાસી પર આવેલા રૂમમાં તેમણે આ પગલુ ભરીલીધુ હતું. દેવનગર ઢોળા પર રહેતાં ધનજીભાઇ રાઘવભાઇ કુમારખાણીયા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધે ઘરની અગાસી પર આવેલા રૂમમાં સવારે ગળાફાંસો ખાઇ લીધાની જાણ થતાં ૧૦૮ પહોંચી હતી. તેના તબિબે તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. વૈભવભાઇ મકવાણા સહિતે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનારા ધનજીભાઇને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. પોતે નિવૃત જીવન જીવતાં હતાં. આપઘાતનું કારણ પરિવારજનો જાણતાં ન હોઇ તપાસ યથાવત રાખવામાં આવી હતી.

### ચર્ચાના ચકડોળે ચડતી પીડીયુ હોસ્પિટલમાં વધુ એક ઘટનાએ જગાવી ચકચાર

# એકના બદલે બીજાના મૃતદેહને આપી દેવાયો અગ્નિદાહ!

## સિવિલ હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રખાયેલા ૯૨ વર્ષના બ્રાહ્મણ પરિવારના મોભીનો મૃતદેહ મુંબઇના એક વડીલ પોતાના સ્વજનનો મૃતદેહ સમજી લઇ ગયા અને અંતિમવિધી કરી નાંખીઃ મૃતદેહ સોંપનારા કે સંભાળનારા કોઇએ તપાસ પણ ન કરી કે શું?



રાજકોટ, તા.,૩૦

શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલ વધુ એક વખત ચર્ચાના ચકડોળે ચડી હતી. અહિ અગાઉ પણ અનેક કારણોસર વિવાદના વંટોળ ઉભા થઇ ચુક્યા છે. વધુ એક વખત અહિ ગંભીર ઘટના બની હતી. ખાતેના પોસ્ટમોર્ટમ પાસે કોલ્ડ રૂમ ખાતે રાખવામાં આવેલી બ્રાહ્મણ સમાજના અગ્રણી સમાજસેવી અને પ્રાથમિક શાળાના પુર્વ આચાર્ય તેમજ વર્ષો સુધી સંઘના સેવક રહેલા વૃધ્ધના મૃતદેહને અન્ય એક મૃતકના સગા પોતાના સ્વજનનો મૃતદેહ સમજી હોસ્પિટલ ખાતેથી જ અંતિમ ક્રિયા માટે લઇ ગયા બાદ અગ્નિદાહ આપી દેતાં આજે પોતાના સ્વજનનો મૃતદેહ લેવા પહોંચેલા બ્રાહ્મણ વૃધ્ધના પરિવારજનોમાં હડકંપ મચી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો નાના મવા શ્રી રામ પાર્કમાં રહેતાં રાજકોટના ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ જ્ઞાતિના અગ્રણી, રાજકોટ પ્રાથમિક શાળા નંબર ૫૬ના પુર્વ આચાર્ય અને સમાજસેવી બાણુ વર્ષીય હરસુખલાલ શાંતિલાલ ઠાકર ઘરમાં અચાનક પડી જતાં તેમના થાપાના ભાગે ફ્રેક્ચર થયું હતું. જેથી પરિવારજનોએ તેમને સારવાર અર્થે દોશી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. હોસ્પિટલમાં સફળ ઓપરેશન બાદ તેમની તબિયતમાં સુધારો આવ્યો હતો, પરંતુ બાદમાં ઉંમરના કારણે અચાનક તબિયત લથડતાં તેમને આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતાં. પણ ૨૮મીએ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું.

વધુ માહિતી અનુસાર સદ્દગત વયોવૃધ્ધ હરસુખલાલ ઠાકરના બહેન વર્ષાબેન અમેરિકા રહેતાં હોવાથી તેઓ ભાઇના અંતિમ દર્શન કરી શકે તે હેતુથી પરિવારજનોએ મૃતદેહને દોશી હોસ્પિટલથી સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ રૂમના કોલ્ડ સ્ટોરેજ ખાતે રાખ્યો હતો. પણ આજે બુધવારે સવારે જ્યારે વર્ષાબેન અમેરિકાથી રાજકોટ આવી પહોંચ્યા, ત્યારે હસમુખભાલ ઠાકરના પાર્થીવ દેહને અંતિમ સંસ્કાર માટે હોસ્પિટલ ખાતેથી ઘરે લઇ આવવા તેમના સૌથી મોટા પુત્ર ઉમેશચંદ્ર હરસુખલાલ ઠાકર તથા અન્ય ભાઈઓ જરૂરી કાગળો અને ડોક્યુમેન્ટ્સ લઈને સિવિલ હોસ્પિટલના કોલ્ડ રૂમ ખાતે પહોંચ્યા હતાં. પરંતુ અહિ પહોંચ્યા ત્યારે તેમને ખબર પડી કે હરસુખલાલ ઠાકરનો મૃતદેહ ત્યાં હતો જ નહીં. તપાસ કરતાં સામે આવ્યું કે,ગઈકાલે જ કોઈ અન્ય વ્યક્તિ કે પક્ષના લોકો આવ્યા હતા અને પોતાના સ્વજનનો મૃતદેહ લઇ જવાને બદલે હસમુખલાલ ઠાકર પોતાના સ્વજન છે એમ સમજી હોસ્પિટલ ખાતેથી નનામી તૈયાર કરી સ્મશાનગૃહે લઇ જઇ અગ્નિદાહ આપી દીધો હતો.

એ મૃતકના સગા મુંબઇના વયોવૃધ્ધ હતાં. કદાચ પોતાની વયને કારણે તે સ્વજનને ઓળખી ન શક્યા કે પછી મૃતદેહ સોંપનાર કોઇએ ઉતાવળે મૃતદેહ સોંપી નનામી તૈયાર કરાવી દેતાં આમ બન્યું? તેની કોઇને ખબર નથી. આ ઘટના બારામાં મીડિયા સાથેની વાતચીતમાં હરસુખલાલ ઠાકરના મોટા પુત્ર ઉમેશચંદ્ર ઠાકરે અત્યંત દુઃખ અને અફસોસ સાથે જણાવ્યું હતું કે અમે છ ભાઈઓ ઉમેશચંદ્ર, હર્ષદભાઈ, બિપિનભાઈ, હિતેશભાઈ, મુકેશભાઈ, શૈલેષભાઈ અને બહેન વર્ષાબેન સહિત ચાલીસથી વધુ સભ્યોનો મોટો પરિવાર ધરાવીએ છીએ. પિતાજીએ આખી જિંદગી સમાજસેવા કરી અને ૯૨ વર્ષનું આયુષ્ય ભોગવીને વિદાય લીધી હતી.

તેમજ આટલો મોટો પરિવાર હોવા છતાં અમે પિતાની અંતિમ યાત્રા ન કરી શક્યા અને તેમને મુખાગ્નિ ન આપી શક્યા, એ વાતનો અમને જિંદગીભર ભારે અફસોસ રહેશે. આટલી મોટી ઘટના બની હોવા છતાં, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્કારો અને બ્રાહ્મણ પરિવારના ઘડતરના કારણે ઉમેશચંદ્ર ઠાકરે કોઈ પર આરોપ-પ્રત્યારોપ કે કાનુની કાર્યવાહી કરવાના બદલે ઈશ્વરની મરજી માનીને તંત્રને અપીલ કરી છે કે ઓળખ વગર બોડી ન આપવી જોઇએ. હોસ્પિટલ, સબઘર કે કોલ્ડરૂમની જવાબદારી સંભાળનારાઓએ માત્ર એક-બે ચાદર જોઈને નહીં, પરંતુ સ્વજનો પાસે મૃતદેહની સંપુર્ણ અને ચોક્કસ ઓળખ કરાવીને જ કબ્જો સોંપવો જોઈએ.

તેમણે કહ્યું હતું કે આ મામલે કોઈ કર્મચારી કે અધિકારી સામે બદલાની ભાવનાથી નહીં, પરંતુ ભવિષ્યમાં બીજા કોઈ અજ્ઞાની કે શિક્ષિત પરિવાર સાથે આવી હ્રદયદ્રાવક ઘટના ન બને તે માટે સિસ્ટમમાં સતર્કતા લાવવી જરૂરી છે. આ કોઇની સામે પણ પગલા લેવામાં ન આવે તે જોવા પણ તેમણે અપીલ કરી હતી. સ્વજનના અસ્થીફુલ મેળવવા સહિતની પ્રોસીઝર માટે સ્વજનોએ પોલીસની મદદ પણ લીધી હતી.

### સોશિયલ મિડીયા માધ્યમનો સાવચેતીથી ઉપયોગ કરવોઃ લાલબત્તી સમાન ઘટના

# ફેસબૂકની લિંક કલીક કરતાં જ રૂપિયા સાફ

## યુવાનના ફોનમાં એપીકે ફાઈલ ડાઉનલોડ થઇ અને રૂપિયા ઉસેડાઇ ગયાઃ બીજી ઘટનામાં ઓનલાઇન રૂપિયા ટ્રાન્સફર કર્યાનો ખોટો સ્ક્રીનશોટ બતાવી ઠગાઇઃ ગઠીયો ઝડપાયો

રાજકોટ, તા.૩૦

સાયબર ફ્રોડની ઘટનાઓને અટકાવવા મથી રહેલી સાયબર ક્રાઇમ પોલીસ કેમેય કરીને આ દુષણને ડામી શકતી નથી તે નક્કર સત્ય છે. રોજેરોજ લોકો સાયબર ગઠીયાઓનો શિકાર બની રહ્યા છે. કોઇ લાલચમાં લપેટાઇને તો કોઇ જાણતા અજાણતા આવા ફ્રોડનો શિકાર બની રહ્યા છે. વધુ એક આવી ઠગાઇમાં કોમ્પ્યુટર ઇન્જેર સાથે ફેસબૂકની લિંક મારફત ફ્રોડ થઇ ગયુ હતું. આ યુવાને આઇપીટીવી એપીકે ફાઇલ ડાઉનલોડ કરી હતી. તે સાથે જ તેનુ બેંક એકાઉન્ટ હેક થ ગયુ હતું અને નાણા ઉપડી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો જામનગરમાં વધુ એક સાયબર છેતરપિંડીનો બનાવ સામે આવ્યો હતો. ખોડિયાર પોલીસ ચોકી પાસે રહેતા અડતાલીસ વર્ષીય હિતેશભાઈ નાખવા સાથે આ ઘટના બની હતી. ફેસબુક લિંક પર ક્લિક કરતા આઈપીટીવી એપીકે ફાઈલ ડાઉનલોડ થઈ અને ગૂગલેપ દ્વારા પંચાણુ હજાર રૂપિયા ઉપડી ગયા. હિતેશભાઈએ ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી, પોલીસે તપાસ હાથ ધરી હતી. ખોડિયાર પોલીસ ચોકી પાસે રહેતા અને ખાવડી ખાતે ખાનગી કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા ૪૮ વર્ષીય હિતેશભાઈ કલ્યાણજીભાઈ નાખવા સાથે ફેસબુકની એક લિંક મારફતે ઓનલાઇન છેતરપિંડી કરવામાં આવી હતી.

ફરિયાદ મુજબ ખાનગી કંપની ખાતેથી ઘરે આવ્યા બાદ હિતેશભાઈ આશરે સવા ત્રણ વાગ્યે મોબાઈલ ફોનમાં ફેસબુક જોઈ રહ્યા હતા. દરમિયાન ફેસબુક પર આવેલી એક લિંક પર ક્લિક કરતાં તેમના મોબાઈલમાં આઈપીટીવી એપીકે નામની ફાઈલ ડાઉનલોડ થઈ હતી. આ ફાઈલ ડાઉનલોડ થયા બાદ મોબાઈલ ફોનમાં ગડબડ થવા લાગી હતી. દરમિયાન તેમના



મોબાઈલમાં બેંક ખાતા અંગેનો સંદેશ આવ્યો હતો. તપાસ કરતાં તેમના આઈસીઆઈસીઆઈ બેંકના ખાતામાંથી કુલ રૂ.૯૫,૦૦૦ ગૂગલ પે મારફતે ઉપડી ગયા હોવાનું માલૂમ પડ્યું હતું.

આ રકમ અન્ય એક મોબાઈલ નંબર પર ઓનલાઇન ટ્રાન્સફર થઈ હતી. પોતાની સાથે સાયબર છેતરપિંડી થઈ હોવાનુ જણાતાં હિતેશભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો વડોદરા શહેરમાં કેશ ડિપોઝિટ મશીનમાં મશીનમાં રોકડ રૂપિયા જમા કરાવવા આવતા લોકોને વિશ્વાસમાં લઈ ઓનલાઇન રૂપિયા ટ્રાન્સફર કરવાના બહાને રોકડ મેળવી બાદમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાનો ખોટો સ્ક્રીનશોટ બતાવી ઠગાઈ કરવાના કેસમાં ગોરવા પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી ઠગાઈમાં ગયેલા ૧૫,૫૦૦ રૂપિયા રોકડા કબજે કરીને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

આ કેસની તપાસ દરમિયાન પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારમાં લગાવવામાં આવેલા સ્થાનિક સીસીટીવ કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા.

ફૂટેજ તેમજ ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી પોલીસને આરોપી અંગે માહિતી મળી હતી. જેના આધારે અમરકર શોરૂમ સામે આવેલી ગલીમાં બોક્સ ક્રિકેટના ગેટ પાસે ઉભેલા શખસ સાહિલ જાફરભાઈ શેખને પોલીસે ઝડપી લીધો હતો. આ શખ્સ વડોદરામાં જ રહે છે. પોલીસ આરોપીને ગોરવા પોલીસ સ્ટેશન ખાતે લાવી સઘન પૂછપરછ કરતાં તેણે બે વ્યક્તિઓ સાથે ઠગાઈ કરી હોવાનુ કબૂલ્યું હતું. તપાસ દરમિયાન આરોપી પાસેથી ઠગાઈમાં ગયેલા ૧૫,૫૦૦ રૂપિયા રોકડા મળી આવતા પોલીસે મુદ્દામાલ કબજે કર્યો હતો અને આરોપીની ધરપકડ કરી હતી. તેણે બીજી આવી ઠગાઇ કરી હોવાની શંકાએ વધુ તપાસ યથાવત રખાઇ હતી.

# સુધરે ઇ બીજા : નવલનગરમાં વાહનો સળગાવનાર ઠોંડીએ હવે ખૂનની ધમકી દીધી

## અગાઉના ફરિયાદી સામે છરી કાઢી કહ્યું ફરિયાદ પાછી નહિ ખેંચ તો મારી નાંખીશઃ માલવીયાનગર પોલીસે ગુનો નોંધ્યો




રાજકોટ તા. ૩૦

અમુક છાપેલા કાટલા એવા હોય છે જે વારંવાર ગુના આચરે અને પકડાય પછી પણ સુધરતા હોતા નથી. નવલનગરમાં રહેતાં રિક્ષાચાલક યુવાનને તે ઘર નજીક મુરલીધર ચોકમાં ટુવ્હીલર લઇને ઉભો હતો ત્યારે આ જ વિસ્તારના નામનીચ શખ્સે તેને બોલાવી મારા વિરૂધ્ધની ફરિયાદ પાછી ખેંચી લેજે કહી છરી બતાવી ધમકી દઇ ગાળો ભાંડતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

વધુ વિગત અનુસાર અગાઉ આ શખ્સે વાહનો સળગાવી નાંખ્યા હોઇ તે અંગે ફરિયાદ કરી હોઇ મનદુઃખ રાખી ફરીથી ધમકી દીધાનું ખુલ્યું હતું. આ બનાવમાં માલવીયાનગર પોલીસે નવલનગર-૯ના ખુણે ગાત્રાળ કૃપા ખાતે રહેતાં સામતભાઇ કાળુભાઇ સિંધવની ફરિયાદ પરથી યશ ઉર્ફે ઠોંડી રસિકભાઇ બકરાણીયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. સામતભાઇ પરિવાર સાથે રહે છે અને રિક્ષા ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે ફયિાદમાં જણાવ્યું છે કે મંગળવારે સવારે સવા સાતેક વાગ્યે હું મારા દિકરાને શાળાએ મુકવા જતો હતો ત્યારે રસ્તામાં મારા દિકરાએ કહેલું કે પપ્પા મેં ભુલથી સ્કૂલ ડ્રેસ પહેરી લીધો છે, આજે ફ્રી ડ્રેસ છે.

જેથી મેં દિકરાને કહ્યુ.કે હું ચોકમાં ઉભો છું તું ડ્રેસ બદલાવીને આવ. મારુ ઘર મુરલીધર ચોકથી નજીક જ હોઇ હું ત્યાં ઉભો હતો. આ વખતે યશ ઉર્ફે ઠોંડી બકરાણીયા એક્ટીવા લઇને ત્યાંથી નીકળ્યો હતો અને મારી સામુ જોઇ નીકળી ગયો હતો. આ પછી આગળ જઇ તે ઉભો રહી ગયો હતો અને મને ઇશારો કરી બોલાવતાં હું ચાલીને તેની પાસે જતાં મને ગાળો બેદવા માંડ્યો હતો. મેં તેને ગાળો દેવાની ના પાડતાં તેણે પેન્ટના નેફામાંથી છરી કાઢી મને દેખાડી હતી અને કહ્યું હતું કે મારા વિરૂધ્ધમાં ફરીયાદ કરી છે તે પાછી ખેંચી લેજે નહિતર જાનથી મારી નાંખીશ.

હું બીકને કારણે ત્યાંથી મારા ઘરે જતો રહ્યો હતો. બાદમાં મારા ભાઇ ભરતભાઇ સિંધવ રિક્ષામાં બેઠા હોઇ તેને વાત કરી હતી. તેણે ફરિયાદ નોંધાવવાનું કહ્યુ હતું. યશ ઉર્ફે ઠોંડી વિરૂધ્ધ અગાઉ અમારા વાહનો સળગાવવા બાબતે અમે ફરિયાદ કરી હતી. ત્યારથી તેને મારા પર ખાર હોઇ મનદુઃખ રાખી મને ગાળો દઇ ફરિયાદ પાછી ખેંચવાની ધમકી આપી છરી બતાવી હતી. તેમ વધુમાં સામતભાઇએ કહેતાં પોલીસ ઇનસપેક્ટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. બી. ગાધેએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### એક રિક્ષાગેંગની ચંડાળ ચોકડી પાસામાં ગઇ ત્યાં નવો લૂંટારૂ જાગી ગયો

# રિક્ષાચાલકે મજૂરને ધોકાવી રોકડ-મોબાઇલની લૂંટ ચલાવી

## રાજસ્થાની મજૂર માધાપર ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડીએ જવા બેઠો હતોઃ પણ મોરબી રોડે લઇ જઇ ચાલકે કાવત્રાને અંજામ આપ્યો

રાજકોટ તા. ૩૦

શહેરમાં ચોરી લૂંટની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. ઘણીવાર રિક્ષાગેંગ કાવત્રુ ઘડી જે તે મુસાફરને શિકાર બનાવી લઇ તેની પાસેથી રોકડ સેરવી બહાના કરી ઉતારી મુકતી હોય છે. પરંતુ આ વખતે એકલા રિક્ષાચાલકે લૂંટારૂ બની રાજસ્થાની યુવાનને ડરાવી ધમકાવી મારમારી લૂંટ ચલાવી હતી. આ ગુનાનો ભેદ ઉકેલવા બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. મજૂરી કામ કરવા રાજસ્થાનથી આવેલા યુવાનને માધાપર ચોકડીથી બેડી ચોકડીએ પહોંચાડવા ચાલકે રિક્ષામાં બેસાડ્યો હતો. પરંતુ ગ્રીનલેન્ડ ચોકડીને બદલે મોરબી રોડ પર લઇ જઇ એકાંત આવતાં જ તેને મારકુટ કરી લૂંટ ચલાવી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં વધુ એક વખત એક રિક્ષાચાલકે મુસાફરને લૂંટી લીધાની ઘટના બની છે. મુળ રાજસ્થાનનો યુવાન માધાપર ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડીએ જવા જે રિક્ષામાં બેઠો તેના ચાલકે રિક્ષા મોરબી રોડ પર લઇ જઇ બાદમાં આ યુવાનને ગાળો દઇ ઢીકાપાટુ મારી તેનો મોબાઇલ ફોન અને રોકડ લૂંટી લેતાં અને ભાગી જતાં યુવાને પોલીસને જાણ કરી છે. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે મુળ રાજસ્થાન બાડમેરના વિશાલાઆગોર ગામે રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં તરૂણકુમાર ઉમેદારામ પન્ન નામના એકવીસ વર્ષના યુવાની ફરિયાદ પરથી અજાણ્યા રિક્ષાચાલક વિરૂધ્ધ લૂંટનો ગુનો નોંધી




તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રો તરફથી મળેલી માહિતી અનુસાર તરૂણકુમાર પરિવારમાં દાદીમા, પિતા, માતા, બહેનો સાથે રહે છે અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું છે કે સત્યાવીસમીના રોજ હું રાજસ્થાનથી ટ્રેકટરનું ડ્રાઇવીંગ કરવા મારા શેઠ હરિભાઇ સોલંકીએ ધ્રોલ ખાતે બોલાવતાં આઠેક વાગ્યાના અરસામા રાજસ્થાનથી ધ્રોલ આવેલો હતો અને ત્યા પહોંચતા મારા શેઠ હરીભાઈને ફોન કરતા તેમણે મને જણાવેલ કે હવે ધ્રોલ કામ નથી. તમે ગોંડલ રૂપાવટી ખાતે આવી જાવ. આથી હું ધ્રોલથી ઈકો ગાડીમાં માધાપર ચોકડી ખાતે સવારે સવા દશેક વાગ્યે પહોચેલો અને માધાપર ચોકડી ખાતે ઉતરી ગયો હતો.

અહિથી હું તરત જ એક રીક્ષામાં બેસીને ગ્રીનલેન્ડ ચોકડી ખાતે આવવા રવાના થયો હતો. ત્યારે રીક્ષામાં મારી સાથે સીટ પર અન્ય એક પેસેન્જર પણ હતાં. અમે બેડી ચોકડી બાજુ આવતા હતા ત્યારે બેડી ચોકડી પહેલા આવેલ પેટ્રોલ પંપે તે પેસેન્જર ઉતરી ગયેલા હતા અને બાદમા રીક્ષા ડ્રાઈવરે રીક્ષા ગ્રીન લેન્ડ ચોકડી જવાના રસ્તે મોરબી રોડ પર લીધેલી અને ત્યાંથી મોરબી રોડ જકાતનાકાથી અંદર જુના મોરબી રોડ બાજુ રીક્ષા લઈને ગીરીરાજ પાર્ટી પ્લોટ સામે આવેલા ક્રાંતી માનવ સેવા વાળા રોડ પર રીક્ષા જવા દીધેલી હતી.

ત્યારબાદ ચાલકે રૈયાણી ડેન્ટલ એન્ડ સ્કીન કલીનીક સામે રોડ પર સવારે પોણા અગીયારેક વાગ્યાના અરસામા રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખેલી હતી અને મને નીચે ઉતારી ગાળો આપવા લાગ્યો હતો. મેં ગાળો આપવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયેલો અને ઢીકાપાટુ મારવા માંડ્યો હતો. બાદ રીક્ષા ચાલકે મારો વીવો મોબાઈલ ફોન ઝૂંટવી લઇ મારા પર્સમાંથી રોકડા ૮૫૦૦ પણ કાઢી લીધા હતાં. આ પછી રીક્ષા ચાલક મારો મોબાઈલ ફોન તથા રોકડા રૂપીયા લઈને ત્યાથી નાશી ગયેલો હતો. ત્યાર બાદ હું ચાલીને બેડી ચોકડી ખાતે ગયેલો અને ત્યાથી કોઈ અજાણ્યા વ્યકિત પાસેથી મોબાઈલ ફોન લઈને મારા કાકાના દિકરા દિનેશભાઈને રાજસ્થાન ખાતે ફોન કરી બનાવની જાણ કરી હતી.

હું રાજકોટમાં એકલો હોઉ અને પરત જવાના પૈસા ન હોઇ મેં રાજકોટમાં જ રાહ જોઇ હતી. આ પછી રાજસ્થાનથી મારા ફઇના દિકરા હીંદુભાઇ પરમાર, કમલેશભાઇ પરમાર રાજકોટ આવ્યા બાદ અમે પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ દાખલ કરાવી હતી. તેમ વધુમાં તરૂણકુમારે જણાવતાં બી-ડિવીઝન પીઆઇ જી. આર. ચૌહાણના માર્ગદર્શનમાં પીએસઆઇ એચ. એન. જેઠવાએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### પાંચ અલગ અલગ ઘટનામાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવતાં ગમગીની

# ખેત મજૂર-ખેતર માલિકે ઝેર પી જીવ આપી દીધા

## બંને અલગ અલગ ઘટનામાં કારણ અકળઃ ત્રીજા બનાવમાં વાહન અકસ્માતમાં અઢાર વર્ષના મજુરનું મોતઃ બેભાન હાલતમાં પચ્ચીસ વર્ષના યુવતિ, હૃદય બેસી જતાં આડત્રીસ વર્ષના યુવાનનો જીવ ગયોઃ એક કિસ્સામાં બ્રેકઅપથી દુઃખી યુવાને કર્યો આપઘાતનો પ્રયાસ

રાજકોટ, તા. ૩૦

અપમૃત્યુની ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. એક બનાવમાં એક ખેત મજુર યુવાન ઝેર પી દુનિયા છોડી ગયો હતો. બીજા બનાવમાં એક ખેતર માલિક ખેડૂત વૃધ્ધે પણ ઝેર પી મોત વ્હાલુ કરી લીધુ લીધુ હતું. ત્રીજી ઘટનામાં વાહન અકસ્માતને કારણે મજુર યુવાનનું મોત થયું હતું. અન્ય બનાવમાં બેભાન હાલતમાં એક યુવતિ અને એક યુવાનનું હૃદય બેસી જવાને કારણે મૃત્યુ થયું હતું. આમ પાંચ ઘટનાઓમાં પરિવારોએ સ્વજનોને ગુમાવી દીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો સુરેન્દ્રનગરના મુળીના ટીડાણા ગામે પરિવાર સાથે રહેતો સત્તર વર્ષનો સગીર ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત થયું હતું. ટીડાણા ગામે ગોપાલભાઇ ધારશીભાઇ ધરજીયાની વાડીમાં રહી મજુરી કરતાં સત્તર વર્ષના સચીન મુકેશભાઇ નાયકએ છવ્વીસમીએ ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. મૃત્યુ પામનાર સચીન એક બહેન અને બે ભાઇમાં નાનો હતો. તે માતા-પિતા સાથે રહી મજુરી કરતો હતો. અકળ કારણોસર તે દવા પી ગયાનું સગાએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં મુળી પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજી ઘટનામાં પોરબંદરના કુતિયાણા તાબેના અમરગામમાં રહેતાં અરજણભાઇ માંડણભાઇ કારાવદરા નામના તોંતેર વર્ષના વૃધ્ધે પણ છવ્વીસમીના રોજ પોતાની વાડીએ ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. અરજણભાઇ એક ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં છ દિકરી અને એક દિકરો છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતો. અરજણભાઇ પૌત્રને દરરોજ શાળાએ તેડવા મુકવા જતાં હતાં.

એ દરમિયાન પૌત્રએ વાચતીચતમાં કહેલા



કોઇ શબ્દોનું માઠુ લાગી જતાં તેમણે ઝેરી દવા પી લીધી હોવાનું સગાએ કહ્યું હતું. સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. રાજકોટ પોલીસને આ બનાવની જાણ કરતાં કુતીયાણા પોલીસે જરૂરી કાર્યવાહી કરી આપઘાતનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

અપમૃત્યુની ત્રીજી ઘટનામાં પડધરીના બાઘી નજીક બાઇક સ્લીપ થતાં અઢાર વર્ષના મજુર યુવાનનો જીવ ગયો હતો. બાઘી આણંદપરમાં રહી વાડીમાં મજૂરી કરતો મુળ એમપીનો ગંગુ ભગવાનભાઇ સોલંકી એકવીસમીએ બાઇક હંકારીને જતો હતો ત્યારે ુંગરપુર પાસે બાઇક સ્લીપ થતાં ઇજા થતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ તેનું મૃત્યુ થયું હતું. તે ખેત મજૂરી કરતો હતો. પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી.

અન્ય ચોથી ઘટનામાં નાના મવા રોડ પર ભીમરાવ સોસાયટીમાં રહેતાં હેતલબેન દિનેશભાઇ મકવાણા નામના પચ્ચીસ વર્ષના યુવતિ સવારે ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેણી બે ભાઇની એકની એક બહેન હતી. પિતા આરએમસીમાં ફરજ બજાવે છે. અન્નનળીની બિમારી હોવાનું સગાએ જણાવ્યુ હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

પાંચમા બનાવમાં ત્રંબામાં કારખાનામં રહેતો અને મજુરી કરતો ધર્મેશભાઇ કુમારભાઇ કૈલાસ નામનો આડત્રીસ વર્ષનો યુવાન મુળ યુપીનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવ્લિ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું.તે ચાર ભાઇ અને ચાર બહેનમાં વચેટ હતો. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. કારખાનામાં મજુરી કરી ગુજરાન ચલાવતો હતો. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

છઠ્ઠી ઘટનામાં એક યુવાને બ્રેકઅપ થઇ જતાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો. નેપાળ રહેતો ઓગણીસ વર્ષનો પ્રેમ સંતોષભાઇ રાજકોટે પટેલવાડી પાસે પોતાના ભાઇના ઘરે હતો ત્યારે તાવની પંદરેક ગોળીઓ પી ગયા બાદ તેની હાલત બગડી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. પ્રેમ બે ભાઇ અને એક બહનેમાં નાનો છે. તે એકાદ મહિના પહેલા રાજકોટ મોટા ભાઇ પાસે આટો મારવા, ફરવા આવ્યો છે. ગત સાંજે નેપાળ રહેતી ગર્લફ્રેન્ડ સાથે ફોનમાં ચડભડ થયા બાદ બ્રેકઅપ થઇ જતાં દુઃખી થઇ જતાં આ પગલુ ભર્યુ હતું. તત્કાળ સારવાર મળી જતાં તે ભયમુક્ત થયો હતો.

છેતરપીંડીના કિસ્સાઓમાં સતત વધારોઃ વધુ ત્રણ ઠગાઇની ઘટના પોલીસ ચોપડે ચડી

# ઓડીટના બહાને કંપનીના મેનેજર-કર્મીને ૭૧ લાખનો ધૂંબો

## સસ્તામાં ઓનલાઇન મોબાઇલ ખરીદવા જતાં અને ક્રેડીટ કાર્ડ એક્ટીવ કરાવવા જતાં યુવાન અને મહિલા સાથે છેતરપીંડી

રાજકોટ, તા.,.30

શેરબજારના નામે અને અલગ અલગ તુક્કા અજમાવીને લોકોને છેતરવાના કિસ્સા ખુબ વધ્યા છે. આ વચ્ચે એક કંપીનના પ્રોજેક્ટ મેનેજર સાથે મોટી ઠગાઇ થઇ ગઇ હતી. મેનેજર અને સહ કર્મચારી સાથે શેર બજારનું ઓડીટ કરવાના બહાને ગઠીયાઓએ સિત્તેર લાખ ઓગણએંસી હજારનું ફ્રોડ આચરી લીધુ હતું. અન્ય બે ઠગાઇમાં સસ્તામાં મોબાઇલ ફોન અને ક્રેડીટ કાર્ડ એક્ટીવ કરાવવાના નામે છેતરપીંડી થઇ હતી.

વિગતો જોઇએ તો ગાંધીનગરમાં શાંતિગ્રામ ખાતેની અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડ કંપનીના પ્રોજેક્ટ મૅનેજર અને તેમના સહકર્મચારી સાથે શેરબજારનું ઓડિટ કરવાના બહાને ૭૦.૭૯ લાખના શેરની છેતરપિંડી આચરાતા તપાસ શરૂ થઇ છે. મૂળ તમિલનાડુના અને હાલ કેરળ ખાતે અદાણીના -ોજેક્ટ પર કામ કરતા સત્તનાથન થુરઈ પાંડિયનને જૂનમાં ઇન્કમટેક્સ વિભાગ તરફથી નોટિસ મળી હતી. નોટિસમાં ટેક્સ ભરવામાં ભૂલ અંગે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવ્યું હતું. આ અંગે મદદ મેળવવા માટે તેઓને શાંતિગ્રામ ઑફિસમાંથી કૃણાલકુમાર નટવરભાઈ પટેલ નામના વ્યક્તિનો મોબાઈલ નંબર મળ્યો હતો, સત્તનાથને તેનો સંપર્ક કરતાં તેણે નોટિસનો યોગ્ય જવાબ આપવા માટે બેંક સ્ટેટમેન્ટ અને ડિમેટ એકાઉન્ટની વિગતો માંગી હતી.




આ પછી કૃણાલે બહાનુ બતાવ્યું કે `તમારું ડિમેટ ખાતું ફ્લ્ઝન્માં છે અને તેમાંથી ઓડિટ સ્ટેટમેન્ટ નહીં નીકળે, જેથી ઝીરોધા કંપનીમાં નવું ખાતું ખોલાવવું પડશે. આથી તેમણે ઝીરોધામાં ખાતું ખોલાવીને આઇ-ડી, પાસવર્ડ કૃણાલને આપી દીધા. ત્યાર બાદ કૃણાલે સત્તનાથનના જૂના ખાતામાંથી શેર વેચાવીને ઝીરોધાના ખાતામાં લાખથી વધુના શેર ખરીદાવ્યા હતા. ઑગસ્ટમાં કૃણાલે ઓડિટ રિપોર્ટ કાઢવો છે તેમ કહીને સત્તનાથનના મોબાઈલ અને ઈમેઈલ પર આવેલો ઓટીપી માગી લીધો હતો. ઓટીપી આપ્યાના બીજા જ દિવસે સત્તનાથને પોર્ટફોલિયો ચેક કરતાં બેલેન્સ શૂન્ય બતાવતું હતું.

પૂછપરછ દરમિયાન કંપનીમાંથી ખબર પડી કે એલ એન્ડ ટી અને સરકારી બોન્ડ્સના મળીને ૫૩ લાખના તમામ શેર કૃણાલે પોતાના ડિમેટ એકાઉન્ટમાં ગિટ તરીકે ટ્રાન્સફર કરી લીધા હતા! તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે કૃણાલ પટેલે આ જ રીતે અદાણી કંપનીના અન્ય એક કર્મચારી સચિન ધમાંદાનો પણ વિશ્વાસ કેળવ્યો હતો. તેમના ડિમેટ ખાતામાંથી પણ જુદી જુદી કંપનીઓના ૧૭.૭૭ લાખની કિંમતના શેર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આમ, કૃણાલ પટેલે બંને કર્મચારીઓ મળીને કુલ ૭૦.૭૯ લાખની કિંમતના શેર બારોબાર પચાવી પાડ્યા હતા.

બંને કર્મચારીઓએ રૂબરૂ મળીને શેર પરત માંગવા છતાં કૃણાલે વાયદાઓ આપ્યા હતા અને શેર પરત કર્યા નહોતા. આખરે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ભોગ બનેલા સત્તનાથન પાંડિયને ગાંધીનગરના અડાલજ પોલીસ સ્ટેશનમાં કૃણાલકુમાર નટવરભાઈ પટેલ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે,અને અડાલજ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અન્ય બે ઠગાઇની વિગતો જોઇએ તો વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં ફેસબુક માર્કેટપ્લેસ પરથી મોબાઈલ ખરીદવાની લાલચમાં એક વ્યક્તિએ રૂપિયા એક લાખ ત્રીસ હજાર ગુમાવ્યા છે, જ્યારે ક્રેડિટ કાર્ડ એક્ટિવેશનના નામે મોકલેલી લિંક દ્વારા મહિલા સાથેં એક લાખ એક્યાસી હજારથી વધુની ઓનલાઈન ઠગાઈ થતાં પોલીસે ગુના નોંધી તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર અમદાવાદના રાણીપમાં રહેતા મુકેશ પટેલે ફેસબુક માર્કેટપ્લેસ પર જયરાજ પટેલ નામના આઈડી પરથી મોબાઈલની જાહેરાત જોઈ સંપર્ક કર્યો હતો. જ્યાં અનિરૂધ્ધસિંહ નામના શખ્સે ફોન લેવા માટે શેલા ખાતેના દેવેન્દ્ર મણીઆર પાસે મોકલ્યા હતા. દેવેન્દ્રભાઈએ અનિરૂધ્ધસિંહ પોતાના મિત્ર હોવાનો વિશ્વાસ અપાવતા મુકેશભાઈએ તેમણે મોકલેલા ક્યુઆર કોડ પર પોતાના અને મિત્રના ખાતામાંથી કુલ ૧.૩૦ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યારબાદ અનિરૂધ્ધસિંહે ફોન બંધ કરી દીધો હતો અને ખાતામાં રૂપિયા ન આવતા દેવેન્દ્રભાઈએ મોબાઈલ આપવાની ના પાડી દેતાં રાણીપ પોલીસે ગુનો નોંધ્યો હતો.

ઠગાઇનો બીજો બનાવ જોઇએ તો પાલડીના નિકેતાબેન શાહ પાસે એયુ બેંકનું બંધ ક્રેડિટ કાર્ડ હોવાથી ઠગે ફોન કરી કાર્ડ એક્ટિવ કરવા માટે વોટ્સએપ પર એક લિંક મોકલી હતી. નિકેતાબેને લિંક પર માત્ર નામ વેરિફાઈ કર્યું હતું અને ફોન પર આવેલો ઓટીપી સબમિટ કર્યો ન હોવા છતાં, થોડી વારમાં બેંકમાંથી પેમેન્ટ કન્ફર્મેશનનો ફોન આવ્યો હતો. તેમણે તુરંત કાર્ડ બ્લોક કરાવ્યું હોવા છતાં તેમના ખાતામાંથી રૂપિયા ૧,૮૧,૮૯૯ ની રકમ ડેબિટ થઈ ચૂકી હતી. આ અંગે પાલડી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# બેડી ચોકડીએ બે ટ્રક અથડાતાં એક ચાલકનું કરુંણ મોત

## ટક્કર એવી લાગી કે કેબીનનો બૂકડો બોલી ગયોઃ જામકલ્યાણપુરથી તાપી કોલસા લઇને જઇ રહેલા યુવાનને કાળ ભેટી ગયો



રાજકોટ તા. 30

વધુ એક જીવલેણ વાહન અકસ્માત સર્જાયો હતો. જેમાં બેડી ચોકડીએ જામદેવળીયા ગામના યુવાનના એક ટ્રક સાથે બીજો ટ્રક અથડાતાં જામદેવળીયાના ટ્રકચાલક યુવાનનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. ટ્રકમાં કોલસી ભરીને તેઓ વાપી તરફ જઇ રહ્યા હતાં. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે મૃત્યુ પામનાર ધરમશીભાઇ પંડત નામના આડત્રીસ વર્ષના યુવાનના મિત્ર દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાબેના જામદેવળીયાના દેવાભાઇ દેવશીભાઇ આંબલીયાની ફરિયાદ પરથી ટ્રક નં. જીજે૧૨બીવાય-૫૪૮૨ના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

વિગતો જોઇએ તો દેવાભાઇ આંબલીયા-આહિર ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. પોતે ટ્રક ન. જીજે૨૪વી-૯૮૮૭ ધરાવે છે. આ ટ્રક તેણે મિત્ર ધરમશીભાઇ શામરાભાઇ પંડતને ભાગમાં ચલાવવા આપ્યો હતો. તા. ૨૯/૯ના રાતે સાડા અગીયારેક વાગ્યે પોતે ઘરે હતાં ત્યારે ધરમશીભાઇએ ફોન કરી પોતે ધ્રો પહોંચ્યા હોવાનું અને ટ્રકમાં ફાસ્ટ ટેગમાં બેલેન્સ ન હોઇ બેલેન્સ નાંખી આપવાની વાત કરી હતી. તે પડાણા ગામથી ટ્રકમાં કોલસી ભરીને તાપીના સોનગઢ ગામે ખાલી કરવા જવા નીકળ્યા હતાં.

બાદ મોડી રાતે દોઢેક વાગ્યે તેમને કોઇને ફોન આવ્યો હતો અને જાણ કરી હતી કે રાજકોટ બેડી ચોકડીએ તમારા ટ્રક નં. જીજે૨૪વી-૯૮૮૭ને અન્ય એક ટ્રક સાથે અકસ્માત નડ્યો છે. તમારા ટ્રકના ચાલક મૃત્યુ પામ્યા છે. આથી દેવાભાઇએ તરત ધરમશીભાઇના ફોનમાં ફોન કરતાં ત્યાં હાજર કોઇએ ફોન ઉપાડ્યો હતો અને ઘટનાની જાણ કરી હતી. બાદમાં તેઓ અને ધરમશીભાઇના ભાઇ બાલાભાઇ સહિતના કાર લઇ રાજકોટ આવવા નીકળ્યા હતાં. આ દરમિયાન ધરમશીભાઇના કૌટુંબીક ભાઇનો ફોન આવ્યો હતો અને ધરમશીભાઇના મૃતદેહને સિવિલ હોસ્પિટલે લઇ ગયાનું જણાવતાં અમે હોસ્પિટલે પહોંચ્યા હતાં. તપાસ કરતાં અમારા ટ્રક સાથે બીજો ટ્રક જીજે૧૨બીવાય-૫૪૮૨ અથડાયો હતો. તેના ચાલકની બેદરકારીને કારણે મારા ટ્રકના ચાલક ધરમશીભાઇનું મૃત્યુ થયું હતું. તેમ વધુમાં દેવાભાઇએ કહેતાં બી-ડિવીઝન પીએસઆઇ એચ. એન. જેઠવાએ ગુનો દાખલ કર્યો હતો.

સોશિયલ મિડીયા પ્લેટફોર્મ અને યુવતિનો ઉપયોગ કરી વધુ એક ફ્રોડ

# ગીતાની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારી ને ૧૨ લાખ ગ્યા

## ગીતાએ શરૂઆતમાં મીઠી વાતો કરી પછી અમેરીકન કંપનીમાં રોકાણ પર ફાયદાની લાલચ દીધીઃ ઇજનેરે બાર લાખ રોક્યા તેની મોટો નફો ઓનલાઇન દેખાયોઃ પણ માત્રે છ હજાર સાતસો ઉપાડવા દીધાઃ પછી કહ્યું હું ગીતા નહિ નેહા છું!

રાજકોટ તા. 30

સાયબર ગઠીયાઓ ફ્રોડ આચરવા ઓનલાઇન સોશિયલ મિડીયા માધ્યમનો સતત દુરૂપયોગ કરીને લોકોના બેંક ખાતા ખાલી કરી રહ્યા છે. શરૂઆતમાં ગઠીયાઓ યુવતિ મારફત જે તે વ્યક્તિનો સંપર્ક કરાવે છે. આ યુવતિ શરૂઆતમાં વાતો કરે છે અને પછી બીઝનેસમાં નાણા રોકવા અલગ અલગ લાલચ આપી જે તે વ્યક્તિને લલચાવી તેની પાસેથી રૂપિયા ઉસેડી લેતી હોય છે. ગીતા નામની યુવતિએ રેલ્વેના એન્જિનીયર યુવાનને ફેસબૂકમાં ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલ્યા બાદ રોકાણ પર નફાની લાલચ દઇ રોકડા સેરવી લીધા હતાં. લાખો રૂપિયાનું રોકાણ કરનારા આ ઇજનેરને માત્ર છ હજાર સાતસો રૂપિયા ઉપાડવા દીધા હતાં. બાકીની રકમ વીથડ્રો થઇ શકી નહોતી. ત્યારે તેને ફ્રોડ થયાની ખબર પડી હતી.




વિગતો પર નજર કરીએ તો વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં રેલવે વિભાગના સિનિયર સેક્શન એન્જિનિયર સાથે ફેસબૂક મારફતે સંપર્ક કેળવી ઓનલાઇન બિઝનેસમાં સારો નફો કમાવવાની લાલચ આપી સાયબર ઠગોએ ૧૨.૨૯ લાખ રૂપિયાની સાયબર છેતરપિંડી આચરી હતી. આ મામલે વડોદરા ગ્રામ્ય સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી. વધુ માહિતી અનુસાર વડોદરા જિલ્લાના ડભોઇ ખાતે રહેતા તેતાલીસ વર્ષીય યુવક રેલવે વિભાગના પ્રતાપનગર, વડોદરા ખાતે સિનિયર સેક્શન એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. તેઓ ઘરે હાજર હતા, ત્યારે તેમના ફેસબૂક એકાઉન્ટ પર ગીતા ઠાકુર નામની વ્યક્તિની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી.

રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ બંને વચ્ચે ફેસબૂક મેસેજ મારફતે વાતચીત શરૂ થઇ હતી. આ દરમિયાન ગીતા ઠાકુરે પોત વે ફેઇર પ્લેટફોર્મે નામની અમેરિકન કંપનીમાં રોકાણ કરીને સારો નફો મેળવતી હોવાનું જણાવી ફરિયાદીને પણ ઓનલાઇન બિઝનેસમાં જોડાવાની લાલચ આપી હતી. કંપનીમાં સેલર એકાઉન્ટ ખોલાવી ઓર્ડર મેળવી નફો કમાઈ શકાય છે અને ઓર્ડર ડિલિવર થયાના ૭ દિવસ બાદ કમિશન મળતું હતું. આ વાતોમાં આવી ફરિયાદીએ સેલર એકાઉન્ટ ખોલાવવા માટે પોતાના આધારકાર્ડ સહિતની વિગતો આપી હતી. ત્યારબાદ આરોપીએ પોતાના રેફરન્સથી સેલર એકાઉન્ટ ખોલાવી આપ્યું હતું અને અલગ-અલગ બેંકના યુપીઆઇ આઇડી મોકલી તબક્કાવાર રૂપિયા ભરાવ્યા હતા. ફરિયાદી દ્વારા કુલ રૂ.૧૨,૨૯,૦૫૦ ઓનલાઇન ચૂકવવામાં આવ્યા હતા.

શરૂઆતમાં મોટો નફો દેખાતાં સેલર એકાઉન્ટમાંથી વિથડ્રો રક્વેસ્ટ કરતાં રૂ.૬,૭૦૦ તેમના એસબીઆઇ ખાતામાં જમા થયા હતા. જોકે ત્યારબાદ બાકીની રકમ ઉપાડવા માટે કરવામાં આવેલી વિથડ્રો રિક્વેસ્ટ વારંવાર કેન્સલ થવા લાગી હતી. ફરિયાદીએ ગીતા ઠાકુરનો સંપર્ક કરતાં તેણીએ વે ફેઇમ પ્લેટફોર્મના કેટલાક મોબાઇલ નંબરો આપીને કંપનીનો સંપર્ક કરવા જણાવાયું હતું. કંપનીના જણાવેલા નંબરો પર સંપર્ક કરતાં વધુ રૂપિયા અલગ-અલગ ચાર્જના નામે ભરવા માટે જણાવાયું હતું, પરંતુ ફરિયાદીને સંતોષકારક જવાબ મળ્યો નહોતો. થોડા દિવસ બાદ સેલર એકાઉન્ટ પણ બંધ થઈ ગયું હતું.

ત્યારબાદ ઇજનેરે ફરી વખત ગીતા ઠાકુરનો સંપર્ક કરતાં તેણે પોતાનો મોબાઇલ નંબર હેક થઈ ગયો હતો અને નવો મોબાઇલ નંબર આપ્યો હતો. સાથે જ પોતાનું નામ ગીતા ઠાકુર નહીં પરંતુ નેહા શર્મા હોવાનું જણાવી વધુ રૂપિયા ઇન્વેસ્ટ કરવા માટે કહ્યું હતું. સમગ્ર ઘટનાથી શંકા જતા ફરિયાદીને પોતાની સાથે સાયબર છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું. ત્યારબાદ તેમણે તા.૧૯ સપ્ટેમ્બરના રોજ સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે તપાસ હાથ ધરી હતી. આમ સોશિયલ મિડીયા મારફત ગઠીયાઓએ યુવતિનો ઉપયોગ કરી વધુ એક વખત લાખોની ઠગાઇ કરી લીધી હતી.

સાયબર ગઠીયાઓની બે એક સરખી રીતે ઠગાઇઃ બંનેના બેંક ખાતામાંથી નાણાગાયબ

# બારોબાર ફોન હેક કરી યુવાન-મહિલા સાથે ફ્રોડ

## યુવાન પાન મસાલાનું પેમેન્ટ કરવા ગયો ત્યારે પીન ખોટો બતાવ્યોઃ પછી તપાસ કરતાં ખબર પડી ત્રેવીસ ટ્રાન્જેક્શનથી નાણા ઉસેડી લેવાયા હતાંઃ મહિલા સાથે પણ ફોન હેક કરી યુપીઆઇ આઇડીથી ઠગાઇ કરી

રાજકોટ તા. 30

ઓનલાઇન ઠગાઇ કરનારા સાયબર ગઠીયાઓ ગમે તેમ કરીને ખેલ પાડી લેતાં હોય છે. વધુ આવી નવી ઠગાઇ સામે આવી હતી. જેમાં એક યુવાનના બેંક ખાતામાંથી બારોબાર નાણા ઉસેડી લેવાયા હતાં. એક પછી એક ત્રેવીસ ટ્રાન્જેક્શન કરીને આ રકમ ટ્રાન્સફર કરી લેવાઇ હતી. યુવાનનો ફોન હેક કરી લઇ બાદમાં સાયબર ગઠીયાઓએ તેના બેંક ખાતામાંથી નાણા ઉપાડવાનું ચાલુ કર્યુ હતું. અન્ય એક ઠગાઇમાં એક મહિલાનું એકાઉન્ટ હેક કરી નાણા પડાવી લેવાયા હતાં. આવી બે ઠગાઇ સામે આવી હતી.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગાંધીનગરના માધવગઢ ગામના છવ્વીસ વર્ષીય યુવાનના બેંક ખાતામાંથી સાયબર ઠગોએ ઓનલાઇન યુપીઆઈ મારફતે ૨૩ જેટલા ટ્રાન્ઝેક્શનો કરી ચોર્યાસી હજારથી વધુની રકમ સાયબર ગઠિયાઓ ધ્વારા સેરવી લેવામાં આવી છે. આ અંગે યુવાનની ફરિયાદના આધારે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. માધવગઢ વચલોવાસમાં રહેતા અને સોલર કંપનીમાં નોકરી કરતા શૈલેષ બુધાજી ચૌહાણનાનો પગાર બેંક ઓફ ઇન્ડિયાની સાદરા શાખામાં આવેલા ખાતામાં જમા થાય છે. તે પોતાના નાણાકીય વ્યવહારો માટે ફોન પેનો ઉપયોગ કરતો હતો. સાંજના કામ પતાવીને શૈલેષ ઘરે પરત જઈ રહ્યો રહ્યો હતો.




આ વચ્ચે તે રસ્તામાં મજરા ખાતે પાન મસાલો ખરીદવા ભા રહ્યો હતો. દરમિયાન તેણે ઓનલાઇન પેમેન્ટ કરવા માટે પોતાનો યુપીઆઈ પીન નંબર નાખ્યો ત્યારે ફોનમાં પીન ખોટો બતાવતો હતો અને વ્યવહાર નિષ્ફળ ગયો હતો. આથી તેણે રોકડા નાણાં ચૂકવીને કામ ચલાવ્યું હતું. ત્યારબાદ તેને નાણાંની જરૂરિયાત ભી થતાં ત સાદરા સ્થિત બેંકમાં ગયા હતા. જ્યાં ખાતાની તપાસ કરતાં માત્ર રૂ.૯૮.૦૩ રૂપિયાનું બેલેન્સ જોઈ શૈલેષના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ અંગે બેંક અધિકારીઓ સાથે ચર્ચા કરતા ખબર પડી કે તેના ખાતામાંથી અસંખ્ય યુપીઆઈ ટ્રાન્ઝેકશન થયા છે. જ્યારે છેલ્લા ચાર દિવસમાં તેણે કોઈ જ વ્યવહાર કર્યો ન હતો.

બાદમાં બેંક થકી મોબાઈલ અને હિસ્ટ્રી ચેક કરતા કોઈ મેસેજ કે રેકોર્ડ ન મળતા સાયબર ફ્રોડ થયાનું માલૂમ થયું હતું. બેંકનું સ્ટેટમેન્ટ કઢાવવામાં આવતા ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ખાતામાંથી સૌપ્રથમ રૂ. ૫૦૦૦નું ટ્રાન્ઝેકશન થયું હતું. ત્યારબાદ એક પછી એક સળંગ ૨૨ જેટલા અલગ-અલગ ટ્રાન્ઝેકશન કરવામાં આવ્યા હતા. આમ, માત્ર બે દિવસના ટૂંકા ગાળામાં કુલ રૂ. ૮૪,૩૪૮ની રકમ ઓનલાઇન બારોબાર સેરવી લેવામાં આવી હતી. આ ઘટના અંગે સાયબર ક્રાઇમ પોર્ટલ ઉપર ઓનલાઇન ફરિયાદ કરતા ચિલોડા પોલીસે તપાસ હાથ ધરી હતી.

મુન્દ્રામાં કલાપુર્ણા સોસાયટીમાં રહેતી અને કસ્ટમ ક્લિયરન્સનો વ્યવસાય કરતી મહિલા સાથે ૧.૧૯ લાખથી વધુ રકમની સાયબર ઠગાઈનો બનાવ સામે આવ્યો હતો. અજાણ્યા સાયબર ફ્રોડ કરનારે મહિલાનો મોબાઈલ હેક કરીને અથવા યુપીઆઈ આઈડીનો દુરૂપયોગ કરીને બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ઉપાડી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. મુન્દ્રાની કલાપૂર્ણા સોસાયટીમાં રહેતા જમીલાબેન ઇન્ફાક માંજોઠી કસ્ટમ ક્લિયરન્સનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના જીઓ મોબાઈલ નંબર પર અચાનક એકસાથે બહુ બધા ઓટીપી આવવાના શરૂ થયા હતા.

જેથી જીઓ કંપનીએ સુરક્ષાના કારણોસર સીમ કાર્ડ આપોઆપ બ્લોક કરી દીધું હતું. ત્યારબાદ તેમના પતિ ઇન્ફાક માંજોઠીએ કસ્ટમર કેરમાં ફોન કરીને સીમ કાર્ડ પુનઃ ચાલુ કરાવ્યું હતું. ત્યારબાદ જમીલાબેનના મોબાઈલ પર તેમના યસ બેંકના ખાતામાંથી ૨૪,૯૯૯ કપાયાનો મેસેજ આવ્યો હતો.જે બાદ તપાસ કરવામાં આવતા કુલ રૂપિયા ૧.૧૯ લાખ ઉપાડી ગયા હોવાનું સામે આવ્યું હતું.સમગ્ર મામલે મુન્દ્રા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.મહિલાને પોતાના ખાતામાંથી રૂપિયા કપાયાનો મેસેજ આવતા તુરંત અદાણી પોર્ટમાં પ્રાઈવેટ નોકરી કરતા પોતાના પતિને મેસેજનો સ્ક્રીનશોટ મોકલ્યો હતો.

ત્યારબાદ પતિ ઇન્ફાકે અદાણી પોર્ટ પાસે આવેલી પી.યુ.બી. બિલ્ડિંગસ્થિત યસ બેંક શાખામાં જઈને તપાસ કરાવતા બેંક કર્મચારીએ જણાવ્યું હતું કે, મહિલાના ખાતામાંથી કુલ ૧,૧૯,૯૯૬ કપાઈ ગયા છે. ઠગાઈ થયાની જાણ થતાં જ દંપતીએ તાત્કાલિક બેંક ખાતાના યુપીઆઈ અને અન્ય ઓનલાઈન ટ્રાન્ઝેક્શન બંધ કરાવ્યા હતા. ત્યારબાદ જમીલાબેને સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કૉલ કરીને ફરિયાદ નોંધાવી હતી.

## શિક્ષણ સમિતિમાં 'નો-રીપીટ'

# ભાજપે ૧૧ નવોદિતોને મેદાનમાં ઉતાર્યા

### કોંગ્રેસને એક બેઠકની 'ખેરાત' સાથે ચૂંટણી સમરસ થવાના એંધાણ! : ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા પૂર્ણ, ૨૧ ઓક્ટોબરે નિર્ણય

રાજકોટ, તા. ૩૦

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આગામી ૨૧મી ઓક્ટોબરે યોજાનારી ચૂંટણીને લઈને સ્થાનિક રાજકારણમાં બરાબરનો ગરમાવો આવી ગયો છે. પ્રદેશ ભાજપ હાઈકમાન્ડ દ્વારા આજે સવારે શિક્ષણ સમિતિની કુલ ૧૨ પૈકી ૧૧ બેઠકો માટે પોતાના દાવેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. જાહેર કરાયેલા તમામ ઉમેદવારોએ બપોરે મેયર અને ચૂંટણી અધિકારી ડો. નેહલ શુક્લ સમક્ષ પોતાના ઉમેદવારી પત્રો પણ સુપ્રત કરી દીધા છે. જોકે, આ વખતની યાદીએ પક્ષના અનેક જૂના અને સીનિયર દાવેદારોની આશાઓ પર પાણી ફેરવી દીધું છે, કારણ કે પાર્ટીએ ઉંમર, શૈક્ષણિક લાયકાત અને ચૂંટણી ન લડ્યા હોવાની આકરી ગાઈડલાઈન અમલમાં મૂકીને તમામ જૂના ચહેરાઓને કપાઈ નાખ્યા છે અને સંગઠનમાં નવા લોહીને તક આપી છે.




ભાજપ હાઈકમાન્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી ઉમેદવારોની યાદીમાં વોર્ડ વાઈઝ સંતુલન જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં વોર્ડ નંબર ૩ અને ૮ માંથી બબ્બે કાર્યકર્તાઓને તક આપવામાં આવી છે, જ્યારે વોર્ડ નંબર ૫, ૬, ૭, ૯, ૧૦ અને ૧૨ માંથી એક-એક ઉમેદવારની પસંદગી કરવામાં આવી છે. પ્રદેશ દ્વારા જાહેર કરાયેલા ૧૧ દાવેદારોમાં કપિલભાઈ લલિતભાઈ નથવાણી, હર્ષિત પ્રહલાદભાઈ કાવર, વિરેન્દ્રભાઈ હર્ષદભાઈ ભટ્ટ, યોગરાજસિંહ મોહનસિંહ જાડેજા, હરેશભાઈ મૂળજીભાઈ કાનાણી, ડો. તૃષીબેન ઋષિકેશ શુક્લ, કલ્પનાબેન રમેશભાઈ કિયાડા, દ્રુપલબેન (ડોલીબેન) કબીરભાઈ ટાંક, રાઠોડ પિન્ટુભાઈ કિશોરભાઈ, કેયૂર રસીકલાલ મશરૂ અને પ્રવીણભાઈ ચાવડાનો સમાવેશ થાય છે. આ યાદી બહાર આવતા જ છેલ્લા ઘણા સમયથી લોબિંગ કરી રહેલા અને ઉત્સાહમાં રહેલા પક્ષના સીનિયરોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે.

બીજી તરફ, વિપક્ષ કોંગ્રેસમાં આ ચૂંટણીને લઈને છેલ્લી ઘડી સુધી અસમંજસનો માહોલ જોવા મળ્યો હતો. સવાર સુધી ઉમેદવારનું નામ નક્કી ન થઈ શકતાં કોંગ્રેસે બપોરે સીધા ફોર્મ ભરવાની રણનીતિ અપનાવી હતી. રાજકોટ મનપાના જનરલ બોર્ડમાં ભાજપના ૬૫ અને કોંગ્રેસના ૭ કોર્પોરેટરો ચૂંટાયેલા છે. આ ચૂંટણીમાં માત્ર નગરસેવકો જ મતાધિકાર ધરાવતા હોવાથી કોર્પોરેટરોના સંખ્યાબળના આધારે ભાજપને ૧૧ અને કોંગ્રેસને ૧ બેઠક મળવી સુનિશ્ચિત હતી. ભાજપે પોતાની પૂરતી ક્ષમતા મુજબ ૧૨ ના બદલે ૧૧ ઉમેદવારો જ મેદાનમાં ઉતારીને કોંગ્રેસને એક બેઠક જતી કરી છે, જેના કારણે આ ચૂંટણી બિનહરીફ એટલે કે 'સમરસ' થવાની પૂરેપૂરી શક્યતા છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણી માટે આજે સવારે ૧૧:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી મનપા ખાતે ઉમેદવારી પત્રો સ્વીકારવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. હવે તમામની નજર આગામી ૨૧મી ઓક્ટોબરે યોજાનારી મહાનગરપાલિકાની જનરલ બોર્ડની બેઠક પર છે, જ્યાં ચૂંટણીની આગળની પ્રક્રિયા અને વિધિવત જાહેરાતો પર આખરી મહોર મારવામાં આવશે. ભાજપના આ નિર્ણયથી સ્થાનિક સંગઠનમાં નવા ચહેરાઓનો દબદબો વધશે, પરંતુ સીનિયરોની બાદબાકીથી અંદરખાને વ્યાપેલો અસંતોષ આગામી દિવસોમાં કેવું સ્વરૂપ લે છે તે જોવું રસપ્રદ રહેશે.

### રાજકોટ શહેર કોંગ્રેસમાં આંતરિક કલેશ

રાજકોટ શહેર કોંગ્રેસમાં લાંબા સમયથી બંધિયાર બનેલું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. રાજકોટ મહાનગરપાલિકા (RMC) સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યપદ માટે શહેર કોંગ્રેસ દ્વારા હાજીભાઈ ઓડિયાના નામની અધિકૃત જાહેરાત કરવામાં આવતા જ પક્ષમાં તીવ્ર અસંતોષ અને બળવાના સૂર ઊઠ્યા છે. નામની જાહેરાત થતાં જ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન વિજયસિંહ દ્વારા જાહેરમાં આ નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો છે. વિજયસિંહે શહેર કોંગ્રેસ પ્રમુખની કાર્યશૈલી સામે સીધો મોરચો માંડતા આરોપ લગાવ્યો છે કે આ નિર્ણય પક્ષના સમર્પિત કાર્યકરોની અવગણના કરીને લેવામાં આવ્યો છે. એટલું જ નહીં, તેમણે શહેર પ્રમુખ પર શાસક પક્ષ ભાજપ સાથે 'સેટિંગ' કરીને નિર્ણય લીધો હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ કરતા સ્થાનિક રાજકારણમાં ભુકંપ સર્જાયો છે. શિક્ષણ સમિતિમાં વિપક્ષના પ્રતિનિધિ તરીકે યોગ્ય અને સક્રિય ઉમેદવારની પસંદગી કરવાને બદલે પડદા પાછળની રમત રમાઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. સ્થાનિક કાર્યકરોમાં છૂપો રોષ એ વાતનો છે કે પક્ષ માટે રાત-દિવસ મહેનત કરતા નિષ્ઠાવાન નેતાઓને કોરે મૂકીને અંગત હિતો કે સેટિંગના આધારે નામો નક્કી થઈ રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને આગામી રાજકીય સમીકરણો વચ્ચે શહેર કોંગ્રેસનો આ આંતરિક ઉકળતો ચરુ પક્ષ માટે મોટું નુકસાન સાબિત થઈ શકે છે. વિજયસિંહના આક્ષેપો બાદ હવે પ્રદેશ નેતાગીરી આ મામલે શું વલણ અપનાવે છે અને શહેર પ્રમુખ આ આક્ષેપોનો શું જવાબ આપે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# સેવા સંકલ્પ અભિયાન : સેવા સેતુ કેમ્પમાં નાગરિકોના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ

### આજે ૧૨માં તબક્કાનો સેવા સેતુ શહેરી કાર્યક્રમ : મળી રહેશે અનેકવિધ સુવિધાઓ




રાજકોટ, તા. ૩૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વહીવટમાં પારદર્શકતા, કાર્યક્ષમતા અને સંવેદનશીલતા વધારવાના ઉદ્દેશ સાથે 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ ૧૨મા તબક્કાનો 'સેવા સેતુ શહેરી' કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. આ જનકલ્યાણકારી કેમ્પ ૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ થી બપોરના ૦૨:૦૦ કલાક સુધી વિધાનસભા-૬૯ (પશ્ચિમ) વિસ્તારમાં આવેલા કવિ અમૃત ઘાયલ કોમ્યુનિટી હોલ, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ ખાતે યોજાશે.

આ કેમ્પમાં નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને મહાનગરપાલિકાની સિવિક સેવાઓનો લાભ એક જ સ્થળેથી મળી રહેશે. આ સમગ્ર કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન મેયર ડો. નેહલ શુક્લ સંભાળશે, જ્યારે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા પ્રેરણાદાયી ઉપસ્થિતિ આપશે. નાગરિકોને નાની-મોટી રજૂઆતો અને સરકારી કામકાજ માટે જુદી જુદી કચેરીઓના ધક્કા ખાવા ન પડે તે માટે તંત્ર પોતે લોકોના ઘરઆંગણે આવી રહ્યું છે. કેમ્પ દરમિયાન ઉકેલ લાવી શકાય તેવા તમામ પ્રશ્નોનો તે જ દિવસે સ્થળ પર જ નિકાલ કરવામાં આવશે.

કેમ્પમાં આધાર નોંધણી (૧૮ વર્ષથી વધુ વયજૂથ), આધાર કાર્ડમાં મોબાઈલ નંબર સુધારો, બાળકોનું આધાર, યુડીઆઈડી કાર્ડ રજીસ્ટ્રેશન, બેંક એકાઉન્ટ સાથે આધાર તથા મોબાઈલ લિંકિંગ જેવી મહત્વપૂર્ણ સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર, નોન-ક્રિમીલેયર, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, જન્મ-મરણ અને લગ્ન નોંધણી પ્રમાણપત્ર, મેડિકલ ઓફિસર દ્વારા ઉંમરનો દાખલો તથા દિવ્યાંગતા પ્રમાણપત્ર જેવા વિવિધ દાખલાઓ પણ સ્થળ પર તૈયાર કરી આપવામાં આવશે.

રેશનકાર્ડ સંબંધિત કામગીરી જેવી કે નવા નામ ઉમેરવા, નામ કમી કરવા, વિગતોમાં સુધારો કરવો અને ઈ-કેવાયસી પ્રક્રિયા પણ હાથ ધરાશે. આરોગ્ય ક્ષેત્રે આયુષ્માન ભારત (PM-JAY) કાર્ડ, નમોશ્રી યોજના, હેલ્થ વેલનેસ કાર્ડ (બી.પી. અને ડાયાબિટીસ ચકાસણી) અને સ્થળ પર જ તબીબી તપાસ માટે મેડિકલ ટીમ ઉપલબ્ધ રહેશે. સ્થાનિક સ્વરાજ્યની સેવાઓમાં પ્રોપર્ટી ટેક્સ, વ્યવસાય વેરા અરજી, ગુમાસ્તા ધારા, નવા વોટર અને ડ્રેનેજ કનેક્શન, ડોમેસ્ટિક વીજ જોડાણ, ટોયલેટ અરજી અને PM આવાસ યોજના (શહેરી)નો સમાવેશ થાય છે.

### ૧ એપ્રિલ પછી સંપૂર્ણ વેરો ભરી દેનારાઓને આગામી બિલમાં ક્રેડિટ અપાશે

# મનપાની કરોડોની વ્યાજમાફી યોજનાનો વ્યાપ વધ્યો

### મહિનો મુદત વધવાની શક્યતા : મુદ્દલ કરતા વધુ વ્યાજ નહીં ના નિયમથી ૫૦,૦૦૦ સુધીની રાહત મળશે

રાજકોટ, તા.૩૦

રાજકોટ મહાનગરપાલિકામાં નવા શાસકોએ ચાર્જ સંભાળ્યા બાદ મેયર ડો. નેહલ શુક્લ દ્વારા ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસ માટે મિલકત અને પાણીવેરામાં જાહેર કરાયેલી વ્યાજમાફી યોજનાને લઈને અત્યંત મહત્વપૂર્ણ સ્પષ્ટતાઓ સામે આવી છે. આ યોજના હેઠળ શહેરના લાખો કરદાતાઓને કરોડો રૂપિયાની આર્થિક રાહત મળવા જઈ રહી છે. જો કે, જનરલ બોર્ડમાં રજૂ થયેલી દરખાસ્ત બાદ સરકારી કચેરીઓ અને સંપ કનેક્શન ધરાવતા એપાર્ટમેન્ટ્સમાં આકારણી અંગે ઊભી થયેલી ગૂંચવણના કારણે આખરી ઠરાવ મંજૂર થવામાં વિલંબ થયો હતો. મેયર ડો. નેહલ શુક્લ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયાએ મનપા કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે મધ્યસ્થતા દાખવીને એક સપ્તાહ પૂર્વે જ આ આખરી ઠરાવને મંજૂરી આપી દીધી છે.



મનપાના વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલે આપેલી વિગતો મુજબ, નવી સ્પષ્ટતા અનુસાર હવે સમગ્ર એપાર્ટમેન્ટ નહીં પરંતુ જનરેટ થયેલા મિલકત નંબર ધરાવતા ફ્લેટદીઠ ૫,૦૦૦ સુધીની વ્યાજમાફીનો લાભ મળશે. આ ઉપરાંત ૨૦૧૫ પછીના હાઈરાઈઝ અને લો-રાઈઝ બિલ્ડિંગોમાં ઈંચ-વાઈઝ વોટર કનેક્શન ધરાવતા રહેવાસીઓને ફ્લેટની સંખ્યા મુજબ પાણીવેરામાં ૩૦,૦૦૦થી લઈ ૩.૭૫ લાખ સુધીની મોટી રાહત સાંપડશે. ઉદાહરણ તરીકે, ૪ ઈંચનું વોટર કનેક્શન ધરાવતા ૭૫ ફ્લેટના એપાર્ટમેન્ટમાં ફ્લેટદીઠ ૫,૦૦૦ લેખે કુલ ૩.૭૫ લાખ અથવા વાસ્તવિક વ્યાજ, જે ઓછું હોય તે સંપૂર્ણ માફ કરવામાં આવશે.

આ યોજનાનું સૌથી આકર્ષક પાસું 'મુદ્દલ કરતાં વધારે વ્યાજ નહીં' નો નિયમ છે. જે કિસ્સાઓમાં વ્યાજની રકમ મૂળ મુદ્દલ કરતાં વધી ગઈ હોય, ત્યાં કરદાતાએ માત્ર મુદ્દલ જેટલું જ વ્યાજ ચુકવવાનું રહેશે અને બાકીનું તમામ વ્યાજ રદ થઈ જશે. આ જોગવાઈને કારણે જૂના બાકીદારોને માત્ર ૫,૦૦૦ જ નહીં, પરંતુ ૫૦,૦૦૦ કે તેથી પણ વધુ રકમ સુધીની વ્યાજમાફીનો સીધો ફાયદો થશે. સાથોસાથ, જે નાગરિકોએ ૧ એપ્રિલ ૨૦૨૬ પછી વ્યાજ સાથે પૂરેપૂરો વેરો ભરપાઈ કરી દીધો છે તેમને પણ અન્યાય નહીં થાય; તેમની વધારાની ભરેલી રકમ રિફંડ કરવાને બદલે આગામી વર્ષના મિલકતવેરાના બિલમાં જમા (ક્રેડિટ) કરી આપવામાં આવશે.

ગાઈકાલે વ્યાજમાફી યોજનાનો છેલ્લો દિવસ છે, પરંતુ વહીવટી પ્રક્રિયા અને રજૂઆતોના કારણે ઠરાવ મોડો બહાર પડ્યો હોવાથી મહત્તમ લોકો આ પ્રજાલક્ષી નિર્ણયનો લાભ લઈ શકે તે માટે યોજનાની મુદતમાં વધુ એક મહિનાનો વધારો થવાની પૂરેપૂરી સંભાવના છે, જે અંગેની સત્તાવાર જાહેરાત પણ આગામી એક-બે દિવસમાં કરી દેવામાં આવશે.

## જળ-ભવિષ્યમાં યુગપરિવર્તન

# કલ્પસર યોજનાનું સ્વપન સાકરઃ સૌરાષ્ટ્રને ફાયદો

### પાણીની કટોકટીનો કાયમી અંત લાવવા રાજ્ય સરકાર એક્શન મોડમાં : ૬૦ કિમી લાંબો મહા-બ્રિજઃ ૨૦ લેનનો રોડ અને ૪ લેનનો રેલવે ટ્રેક!

રાજકોટ, તા. ૩૦

ગુજરાતના આર્થિક, સામાજિક અને કૃષિ ક્ષેત્રના ચિત્રને સદાને માટે બદલી નાખવા માટે રાજ્ય સરકાર દ્વારા એક ઐતિહાસિક અને નિર્ણાયક પગલું ભરવામાં આવ્યું છે. રાજ્યમાં પાણીની અછત અને વર્ષો જૂની કટોકટીનો કાયમી ઉકેલ લાવવાના સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે અત્યંત મહત્વાકાંક્ષી 'કલ્પસર યોજના'ને પૂરઝડપે આગળ ધપાવવાનો નીતિ વિષયક નિર્ણય લેવાયો છે. આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પૂર્વે આ બહુહેતુક પ્રોજેક્ટનું સત્તાવાર નિર્માણ કાર્ય શરૂ કરવા માટે રાજ્યનું તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. આ પરિવર્તનકારી યોજનાના અમલીકરણ માટે ભરૂચ જિલ્લાના પાણિયાદ્રા ગામેથી પ્રથમ તબક્કાની કામગીરીનો વિધિવત પ્રારંભ કરવામાં આવશે. આ જળ-સંચય યોજના પૂર્ણ થતાં જ સમગ્ર ગુજરાતમાં આગામી એક દશક સુધી દુષ્કાળ જેવી વિષમ પરિસ્થિતિ સર્જાવાની શક્યતાઓ નહિવત બની જશે, જે રાજ્યની જળ-સુરક્ષામાં એક નવો માઈલસ્ટોન સાબિત થશે.



જળસંચયની ક્ષમતા અને ક્ષેત્રફળની દ્રષ્ટિએ કલ્પસર યોજનાનું કદ રાજ્યની જીવાદોરી ગણાતી સરદાર સરોવર નર્મદા યોજના કરતાં પણ ઘણું વિશાળ હોવાનું માનવામાં આવી રહ્યું છે. વર્તમાન સમયમાં નર્મદા કેનાલ અને સરોવર નેટવર્ક દ્વારા સમગ્ર રાજ્યને વાર્ષિક અંદાજે ૯,૦૦૦ ખઈખ (મિલીયન ક્યુબિક મીટર) પાણીનો જથ્થો પ્રાપ્ત થાય છે. તેની સરખામણીએ કલ્પસર યોજના સાકાર થતાંની સાથે જ ગુજરાતને વાર્ષિક ૧૩,૦૦૦ ખઈખ જેટલો જંગી મીઠા પાણીનો જથ્થો ઉપલબ્ધ થશે. આ પ્રોજેક્ટના અમલીકરણથી સૌથી વધુ લાભ તરસ્યા સૌરાષ્ટ્ર વિસ્તારને મળશે, જ્યાંના ૯ જિલ્લાઓને સીધું પીવાનું અને સિંચાઈનું પાણી પૂરું પાડી શકાશે. આ ઉપરાંત, ભરૂચ અને સૌરાષ્ટ્ર ઝોનમાંથી વહેતી ૧૦ જેટલી મુખ્ય નદીઓના જળસ્તરમાં પણ નોંધપાત્ર વધારો થશે, જેનાથી આસપાસના સમગ્ર ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવશે અને ખેતી ક્ષેત્રે સમૃદ્ધિનો નવો સૂર્યોદય થશે.

આ મેગા પ્રોજેક્ટની અત્યંત જટિલતા, દરિયાઈ પર્યાવરણ અને ઊંચા ટેકનિકલ પાસાઓને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે વૈશ્વિક કક્ષાના એન્જિનિયરિંગનો સહયોગ લીધો છે. દરિયામાં ભાઠા અને મીઠા પાણીના સંગ્રહના ક્ષેત્રે નિષ્ણાત ગણાતા નેધરલેન્ડ દેશની સરકાર સાથે આ યોજના માટે મહત્વપૂર્ણ સમજૂતી પત્ર (ખઘઞ) કરવામાં આવ્યા છે. પ્રોજેક્ટને આધુનિક અને આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ પાર પાડવા માટે આગામી સમયમાં નેધરલેન્ડની વિશેષ ટેકનિકલ ટીમ ગુજરાતના પ્રવાસે આવી પહોંચશે. આ વિદેશી સહયોગ અને ડચ ટેકનોલોજીના સમન્વયથી કલ્પસર યોજનાને વૈશ્વિક કક્ષાના માપદંડો મુજબ આકાર આપવામાં આવશે, જેથી દરિયાઈ પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાય.

જળસંચયની સાથે સાથે આ પ્રોજેક્ટ રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહન ક્ષેત્રે પણ કલ્પનાતીત ક્રાંતિ લાવવા જઈ રહ્યો છે. કલ્પસર યોજના અંતર્ગત ખંભાતના અખાત પર કુલ ૬૦ કિલોમીટર લાંબો વિશાળ બ્રિજ બનાવવાનું ભવ્ય આયોજન હાથ ધરાયું છે. આ મેગા બ્રિજ પર વાહનવ્યવહાર માટે ૧૬ લેનનો રોડ બનાવવામાં આવશે, જ્યારે તેની મધ્યમાં ૪ લેનનો હાઈ-સ્પીડ રેલવે ટ્રેક પણ તૈયાર કરાશે. સમગ્ર બ્રિજના નિર્માણ કાર્યને બે મુખ્ય ભાગોમાં વહેંચવામાં આવ્યું છે, જેમાં દરિયાના મોજાં વચ્ચેથી પસાર થતો ૨૭ કિલોમીટરનો હિસ્સો ૨૦ લેનની ક્ષમતા ધરાવતો મહા-બ્રિજ બનશે, જ્યારે બાકીનો ૩૪ કિલોમીટરનો ભાગ દરિયાના બહારના કિનારાના વિસ્તારમાં આવરી લેવાશે. આ ભવ્ય માળખાગત સુવિધા માત્ર પાણીનો સંગ્રહ જ નહીં કરે, પરંતુ ભવિષ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેના ભૌગોલિક અંતરને અડધાથી પણ ઓછું કરી દેશે, જેનાથી પરિવહન અત્યંત ઝડપી અને સરળ બનશે.

### ડચ ટેકનોલોજીનો સંગમ નેધરલેન્ડની નિષ્ણાત ટીમ સંભાળશે ટેકનિકલ મોરચો

દરિયાઈ જળસંચયનો આ પ્રોજેક્ટ અત્યંત જટિલ અને ટેકનિકલ પડકારોથી ભરેલો હોવાથી ગુજરાત સરકારે વૈશ્વિક સ્તરના નિષ્ણાતોની મદદ લીધી છે. પ્રોજેક્ટની જટિલતાઓને પહોંચી વળવા નેધરલેન્ડ સરકાર સાથે કરાર કરવામાં આવ્યા છે. નેધરલેન્ડની સ્પેશિયાલિસ્ટ ટેકનિકલ ટીમ ટૂંક સમયમાં ગુજરાત આવીને દરિયાઈ પર્યાવરણ અને એન્જિનિયરિંગ પાસાઓ પર કામ શરૂ કરશે.

### નર્મદા યોજના કરતાં પણ વિશાળ વ્યાપઃ ૧૩,૦૦૦ ખઈખ મીઠું પાણી મળશે

કલ્પસર યોજનાનું કદ અને તેની ક્ષમતા સરદાર સરોવર નર્મદા યોજના કરતાં પણ નોંધપાત્ર રીતે મોટી હશે. નર્મદા યોજના દ્વારા રાજ્યને વાર્ષિક અંદાજે ૯,૦૦૦ ખઈખ પાણી મળે છે, જ્યારે કલ્પસર યોજના પૂર્ણ થતાં જ ગુજરાતને ૧૩,૦૦૦ ખઈખ મીઠું પાણી ઉપલબ્ધ થશે. સૌરાષ્ટ્રના તરસ્યા વિસ્તારો માટે આ યોજના વરદાન સાબિત થશે.ભરૂચ અને સૌરાષ્ટ્ર ઝોનમાંથી પસાર થતી ૧૦ જેટલી નદીઓના જળસ્તર અને ભૂગર્ભજળમાં મોટો ઉછાળો આવશે.